આજનો સુવિચાર

ગુસ્સો માણસની મૂરખાઈથી શરૂ થઈને પસ્તાવારૂપે પુર્ણ થાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૩૪ જૂનાગઢ તા.૨૧-૦૧-૨૦૨૫ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 34, Junagadh : Date : 21 January, 2025, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

મારી યોજના
મારી બધી યોજનાઓ, એક જ પોર્ટલ પર
કેન્દ્ર-રાજ્ય સરકારની
તમામ યોજના-સેવાઓની માહિતી
હવે, એક જ ક્લિક પર
વિકસિત ભારત
વિકસિત ગુજરાત
મારી બધી યોજના, એક જ પોર્ટલ પર એક જ ક્લિક પર ઉપલબ્ધ
https://mariyojana.gujarat.gov.in

છત્તિસગઢમાં ભીષણ એન્કાઉન્ટર : ૧૯ નકસલવાદીઓ ઠાર

છેલ્લા ૩૬ કલાકથી એન્કાઉન્ટર ચાલુ : મોટી માત્રમાં હથિયારો જપ્ત

નવી દિલ્હી, તા.૨૧: છત્તીસગઢના ગારિયાબંદમાં નક્સલીઓ સાથે ભીષણ એન્કાઉન્ટર ચાલી રહયું છે. પ્રારંભીક અહેવાલો મુજબ, સૈનિકો છેલ્લા ૩૬ કલાકથી જંગલમાં નક્સલીઓ સાથે લડી રહ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૯ નક્સલીઓ માર્યા ગયાના અહેવાલ છે. આ ઉપરાં બહુ મોટી માત્રામાં હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે ગઈકાલે સવારથી કુલ્હાડીઘાટના ભાલુદીઘી પહાડીઓ પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે.

આ એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોની ૧૦ ટીમો સામેલ હતી. એન્કાઉન્ટર દરમ્યાન હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન, ગઈકાલે બે નક્સલીઓ (એક મહિલા, એક પુરુષ) ના મૃતદેહ મળી આવ્યા હતા. આ દરમિયાન, એક ઘાયલ સૈનિકને એરલિફ્ટ કરીને રાયપુર લાવવામાં આવ્યો. છત્તીસગઢ અને ઓડિશાના સુરક્ષા દળોની કુલ ૧૦ ટીમો નક્સલવાદીઓ સામે કાર્યવાહી કરી રહી છે. શોધખોળ દરમિયાન નક્સલીઓના વધુ મૃતદેહ મળવાની શકયતા છે. માર્યા ગયેલા નક્સલીઓના મૃતદેહોની ઓળખ હાલમાં કરવામાં આવી રહી છે.

નક્સલવાદીઓ વિશે માહિતી મળતાં સુરક્ષા દળો દ્વારા કાર્યવાહી, ઓડિશા અને છત્તીસગઢ સરહદ પર કુલ્હાડી ઘાટના જંગલમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓની હાજરીની જાણ કરવામાં આવી હતી. આ માહિતી મળ્યા બાદ, ઓડિશા અને છત્તીસગઢ પોલીસે સાથે મળીને નક્સલવાદીઓ સામે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું. કુલ્હાડી ઘાટ રિઝર્વ ફોરેસ્ટના ગાઢ જંગલોમાં સુરક્ષા દળોએ નક્સલીઓ સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી હાથ ધરી છે.

સુરતનાં ગોડાદરા વિસ્તારમાં ધો.૮ની વિદ્યાર્થીએ ગળાફાંસો ખાતા ખળભળાટ

સુરત તા. ૨૧

સુરતના ગોડાદરા વિસ્તારમાં વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ખળભળાટ મચી ગયો છે. વિદ્યાર્થિની ગોડાદરા વિસ્તાર રહેતી હતી અને આદર્શ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. ફી નહીં ભરવાને લઈને વિદ્યાર્થિનીને બે દિવસ સ્કૂલ સંચાલકોએ ટોઈલેટ પાસે ઊભી રાખી હતી. ધોરણ ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે અનેક વખત આવો વહેવાર સ્કૂલ સંચાલકો દ્વારા કરી બાદમાં દબાણ કરતા હોવાનો આક્ષેપ પરિજનો દ્વારા કરવામાં આવ્યો છે.

શાળા સંચાલકોએ ફી નહી ભરવા બાબતે વિદ્યાર્થીનીને બે દિવસથી ટોયલેટ પાસે ઉભી રાખી હતી

આખરે કંટાળીને વિદ્યાર્થિનીએ આપઘાત કરી લીધો હતો. વિદ્યાર્થિનીના આપઘાત પગલે પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. હાલ આ મામલે ગોડાદરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આપની સરકાર બનશે : સટ્ટા બજારની આગાહી

સત્તા का सट्टा
aap

૭૦ વિધાનસભા બેઠકો પર ૬૯૯ ઉમેદવારો મેદાનમાં : નવી દિલ્હી બેઠક પર સૌથી વધુ ઉમેદવારો

નવી દિલ્હી, તા.૨૧: દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠકો માટે આગામી તા. ૫ ફેબ્રુઆરીએ મતદાન થશે અને પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર થશે. આમ આદમી પાર્ટી સતત ત્રીજી વખત દિલ્હીમાં પોતાની સરકાર બનાવવાનો પ્રયાસ કરી રહી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે ત્રિકોણીય મુકાબલો છે. દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી જીતવા માટે, બધા પક્ષો જનતાને લોકપ્રિય વચનો આપી રહ્યા છે. હવે દિલ્હી ચૂંટણીને લઈને સટ્ટાબાજી બજારોની આગાહીઓ બહાર આવી રહી છે. ફલોદી સટ્ટાબાજી બજારે દિલ્હીની ચૂંટણીઓ વિશે પહેલાથી જ આગાહીઓ કરી દીધી હતી. હવે મહાદેવ સટ્ટા બજારે પણ દિલ્હી ચૂંટણીને લઈને એક આગાહી કરી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ અંગે મહાદેવ સટ્ટા બજાર મુજબ, દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર બની શકે છે. મહાદેવ સટ્ટા બજાર મુજબ, આમ આદમી પાર્ટી દિલ્હીમાં ૩૮-૪૦ બેઠકો મેળવી શકે છે. જ્યારે ભાજપને ૨૫-૩૦ બેઠકો મળવાનો અંદાજ છે. જ્યારે કોંગ્રેસ બે બેઠકો પર ચૂંટણી જીતી શકે છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની મુદત વિત્યા બાદ હવે કુલ ૬૯૯ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે જેમાં નવી દિલ્હી વિધાનસભા બેઠક પર સૌથી વધુ ઉમેદવારો નોંધાયા છે.

અમેરીકા WHOમાંથી બહાર નીકળી જશે : ટ્રમ્પે આદેશ કર્યો

નવી દિલ્હી, તા.૨૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) માંથી અમેરિકાને બહાર કાઢવાની પ્રક્રિયા શરૂ કરવા માટે એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે.

નવા ચૂંટાયેલા અમેરીકાનાં રાષ્ટ્રપતિએ વ્હાઈટ હાઉસ પરત ફર્યા બાદ દસ્તાવેજને મંજૂરી આપતા કહ્યું, તેમણે પદ સંભાળ્યાના પહેલા દિવસે જ જે ડઝનબંધ કારોબારી કાર્યવાહી પર હસ્તાક્ષર કર્યા હતા તેમાંની આ એક હતી.આવું બીજી વખત થયું છે જ્યારે ટ્રમ્પે અમેરિકાને WHOમાંથી બહાર નીકળવાનો આદેશ આપ્યો છે.ટ્રમ્પે આંતરરાષ્ટ્રીય સંસ્થાની કોવિડ-૧૯ને જે રીતે હેન્ડલ કર્યુ તે મામલે આકરી ટીકા કરીને રોગચાળા દરમિયાન જીનીવા સ્થિત સંસ્થામાંથી ખસી જવાની પ્રક્રિયા શરૂ કરી હતી, જે નિર્ણયને રાષ્ટ્રપતિ જો બિડેને પાછળથી તેને રદબાતલ કર્યો હતો.ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યકાળના પહેલા દિવસે જ આ એકિઝક્યુટિવ કાર્યવાહી કરી છે. આ નિર્ણયથી અમેરિકા ઔપચારિક રીતે WHOને છોડી દેશે તેવી શક્યતા વધુ પ્રબળ બની છે.

રાષ્ટ્રપતિ બનતાની સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે બાઈડન તંત્રનાં ઢગલાબંધ નિર્ણયો રદ કરી નાખ્યા



વોશીંગ્ટન તા. ૨૧

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ તુરત જ બાઈડન તંત્રનાં ઢગલાબંધ નીર્ણયો રદ કરી નાખ્યા હતા. તેમણે કહ્યું કે આજે અમેરિકાનો નવો સુવર્ણ યુગ શરૂ થયો છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ પોતાની સાર્વભૌમત્વ જાળવી રાખશે. હવે દુનિયા આપણો ઉપયોગ કરી શકશે નહીં. અમેરિકામાં ઘૂસણખોરીના મુદ્દે ટ્રમ્પ કડક દેખાયા. તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે અમેરિકામાં હવે ઘૂસણખોરી નહીં થાય. ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ઘૂસણખોરી રોકવા માટે દક્ષિણ

અમેરીકાની દક્ષિણ સરહદે કટોકટીની સ્થિતિ : ઘુસણખોરી અટકાવવા મેકસિકો બોર્ડર પર દિવાલ બનાવાશે

સરહદ પર કટોકટી લાદવામાં આવી છે. મેક્સિકો બોર્ડર પર દિવાલ બનાવશે.

અમેરિકા હવે તેના દુશ્મનોને જડબાતોડ જવાબ આપશે. અમેરિકાના હિતમાં નિર્ણય લેવામાં આવશે. ટ્રમ્પે 'ડ્રિલ બેબી ડ્રિલ' સૂત્રનું પુનરાવર્તન કર્યું. તેમણે કહ્યું કે અમેરિકામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહેશે. ડ્રગ્સ સ્મગલરને આતંકવાદી જાહેર કરવામાં આવશે. તમામ નાગરિકોને સમાન તક આપવામાં આવશે. દરેક સાથે સમાન વ્યવહાર કરવામાં આવશે.

મેક્સિકોના અખાતનું નામ બદલીને માઉન્ટ ડેનાલી રાખવામાં આવશે. બાઈડેનની હાજરીમાં ટ્રમ્પે કહ્યું કે અમેરિકાની અગાઉની સરકાર ભ્રષ્ટાચારમાં ડૂબી ગઈ હતી. બાઈડેનની સરકારે જાહેર વિશ્વાસનો લાભ લીધો. ટ્રમ્પે આ દરમિયાન ચીનને સીધો પડકાર પણ આપ્યો હતો. ટ્રમ્પે કહ્યું કે અમેરિકા પનામા કેનાલ પાછું લઈ લેશે. તેઓ ન તો ભગવાનને ભૂલશે કે ન તો બંધારણને. મારું જીવન અમેરિકાને મહાન બનાવવા માટે સમર્પિત છે. આજે અમેરિકાનો સ્વતંત્રતા દિવસ છે. ગેરકાયદેસર વસાહતીઓને તેઓ જ્યાંથી આવ્યા છે ત્યાં પાછા મોકલવામાં આવશે.

રોટ.. રોટ.. રોટ..

પવિત્ર રજબ મહિના નિમિત્તે રોજે રોજનું તાજુ રોટ મળશે.

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં
મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

યુનિક
UNIQUE IVF Center | Gynaec Hospital
મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો. જય માકડીયા (યુરોલોજીસ્ટ - (નિયમીત મળશે
ડો. દિવ્યાંગ પટેલ (સર્જન)
ડો. વિનય હરીયાણી (સર્જન)
ડો. દિપ્તી પટેલ (આંખની સર્જન)
ડો. બિજલ હરિયાણી (હોમીયોપેથી)
ડો. પ્રિગ્નલ અધેરા (પેથોલોજી)
ડો. પ્રવિણ દુધાત (ગાયનેક)
ડો. મિલેશ વેકરીયા (ગાયનેક)
ડો. ગિષ્મા દુધાતા (ગાયનેક)
ડો. વિભૂતિ વેકરીયા (ફિઝીયોથેરાપીસ્ટ)
ડો. દેવેન ગોહેલ (એનેસ્થેટીસ્ટ)

ફોન : ૦૨૮૫ ૨૯૯૦૧૩૩ ૨૯૩૫૪૩૫
અક્ષર પ્લાઝા-૩ પાછળ,
બેબીલેન્ડ સ્કુલની સામે,
ઝાંઝરડા બાયપાસ ચોકડી, જૂનાગઢ

પીએમજેએવાય કાર્ડ અંર્તગત સર્જરી તથા ઓપરેશન તદ્દન ફ્રી કરવામાં આવશે

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો

Dr. Dhaval Sanghavi's
Immunita Plus

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને
સંક્રમણને અટકાવવા તેમજ
રોગપ્રતિકારક શકિત વધારવા માટે
ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને
સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ,
૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં
મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

બાબુભાઈ
મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫

સંદિપભાઈ
મો. ૯૪૨૬૮ ૩૩૮૧૧

મીઠાઈઓની મીઠાશ...એટલે...

મુરલીધર ડેરી ફાર્મ



અંબા આર્કેડ, એમ.જી. રોડ,
જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં
મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ

મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.

સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે,
ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો

Chilli Powder
TURMERIC POWDER

ભાણવડ તાલુકાના મોટા કાલાવડ ગામે રૂા.૨.૪૭ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી માધ્યમિક શાળાના અદ્યતન બિલ્ડિંગનું લોકાર્પણ કરતા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા

શાળાના નવનિર્મિત બિલ્ડિંગમાં અદ્યતન કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન પ્રયોગશાળા સહિતની માળખાકીય સુવિધાઓ વિદ્યાર્થીઓના ઘડતરમાં બનશે મદદરૂપ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના મોટા કાલાવડ ગામે પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ અને કલાઈમેન્ટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે અંદાજિત રૂા.૨.૪૭ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી માધ્યમિક શાળાના અદ્યતન બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આજરોજ મોટા કાલાવડ ગામે રૂ.૨.૪૭ કરોડના ખર્ચે નવનિર્મિત માધ્યમિક શાળાના બિલ્ડિંગનું લોકાર્પણ કરતા ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજયના છેવાડાના વિસ્તારોમાં પણ શિક્ષણની બુનિયાદ મજબુત બને, બાળકો ઉત્તમ શિક્ષણ મેળવી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે, તેવા ઉમદા આશયથી માળખાકીય સુવિધાઓ સુદ્રઢ બનાવવા માટે અનેકવિધ પ્રયાસો સઘન બનાવવામાં આવ્યા છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં નાગરિકોના મનમાં ખાનગી શાળાઓમાં જ સારો અભ્યાસ થશે એવી ગ્રંથિ કેળવાઈ ગઈ હતી. પરંતુ શિક્ષણ માટે અનેકવિધ યોજનાઓ, માળખાકીય સુવિધાઓ પરિણામે હાલના સમયમાં નાગરિકો પોતાના સંતાનોને સરકારી શાળામાં અભ્યાસ કરાવવા તરફ વળ્યા છે જે સરકારના શિક્ષણ પ્રત્યેના પ્રયત્નો થકી સાર્થક બન્યું છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના શરૂ કરેલ શિક્ષણના સેવાયજ્ઞને હાલના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર પ્રતિબદ્ધતા સાથે આગળ ધપાવી રહી છે. શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટે તેમજ બાળકો સરકારી શાળામાં ઉત્તમ શિક્ષણ મેળવી શકે તે માટે શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ ઉજવણી કરવામાં આવે છે. માત્ર શિક્ષણ જ નહિ પરંતુ શિક્ષણ સાથે બાળકોનો શારીરિક ક્ષમતાનો વિકાસ થાય તે માટે ખેલ મહાકુંભ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વધુમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, હાલના આધુનિક સમયમાં બાળકોના કૌશલ્ય વિકાસ માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ શાળાઓમાં હાથ ધરવામાં આવી રહ્યું છે. વિકસિત ભારત સંકલ્પને ચરિતાર્થ કરવા માટે શિક્ષણ ખૂબ જ આવશ્યક પરિબળ છે. શિક્ષણની સાથે પર્યાવરણની કાળજી રાખવી આવશ્યક છે. જેથી આપણે સૌ નાગરિકો પર્યાવરણ સંરક્ષણ માટે સંકલ્પ લઈએ તેમજ આપણી આવનારી પેઢીને સ્વસ્થ પર્યાવરણની ભેટ આપીએ.ઉપરાંત મંત્રીશ્રી સહિતના મહાનુભાવો દ્વારા એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ભાણવડ તાલુકાના મોટા કાલાવડ ગામે નવનિર્મિત સરકારી માધ્યમિક શાળાના અદ્યતન બિલ્ડિંગમાં વિજ્ઞાન પ્રયોગશાળા, અદ્યતન કોમ્પ્યુટર લેબ તથા રમત ગમત મેદાનની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

દ્વારકા વિસ્તારમાં રેન્જ ફોરેસ્ટ વિભાગનું ઓપરેશન

દ્વારકા પંથકમાં સંરક્ષિત કુંજ-કરકરા પક્ષીઓના મૃતદેહો સાથે એક શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

ખંભાળિયા તાલુકાના વાડીનાર વિસ્તારમાંથી તાજેતરમાં વન્ય જીવ સંરક્ષિત પક્ષી એવા કુંજ કરકરા પક્ષીઓના મૃતદેહ સાથે ઝડપાયેલા શખ્સને જેલ હવાલે કર્યા બાદ અહીંના રેન્જ ફોરેસ્ટ વિભાગ મરીન નેશનલ પાર્ક દ્વારા કરવામાં આવેલી વધુ એક કાર્યવાહીમાં ચોક્કસ બાતમી પરથી દ્વારકાના રૂપેણબંદર વિસ્તારમાંથી ફોરેસ્ટ વિભાગે એક શખ્સને સંરક્ષિત જીવ એવા કુંજ કરકરા પક્ષીના સાત મૃતદેહ સાથે ઝડપી લઈ, કાનૂની કાર્યવાહી બાદ તેને જેલ હવાલે કર્યો છે. આ અંગે ફોરેસ્ટ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ જામનગરના મુખ્ય વન સરક્ષણ મરીન નેશનલ પાર્ક વિભાગના મુખ્ય અધિકારી શ્રીમતી રાધિકા પરસાણેની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુંજ કરકરા પક્ષીઓના થતા શિકાર સામે કાર્યવાહી કરી અને શિકારી તત્વોને ઝડપી લેવા માટે કામગીરી કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને દ્વારકા રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન.પી. બેલાને મળેલી ચોક્કસ બાતમીના આધારે દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં કેટલાક શખ્સો દ્વારા કુંજ પક્ષીઓના મૃતદેહ રાખીને વેચાણ કરવામાં આવતું હોવાથી આવા શખ્સોને ઝડપી લેવા માટે ડમી ગ્રાહક સાથે ખાસ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીના અંતે દ્વારકા નજીકના રૂપેણ બંદર વિસ્તારમાં રહેતા નદીમ જીયા રાડીયા નામના શખ્સ દ્વારા આ સ્થળે ગ્રાહક બનેલી બનીને આવેલા આસામીને એક કોથળામાં લઈને આવેલા કુંજ કરકરા પક્ષીના સાત મૃતદેહને સાથે ઝડપી લીધો હતો. જ્યારે આ કાર્યવાહી દ્વારા દરમિયાન અન્ય એક અજાણ્યો શખ્સ નાસી છૂટવામાં સફળ થયો હતો. આ સમગ્ર કાર્યવાહી અંગે દ્વારકા મરીન નેશનલ પાર્કના રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન.પી. બેલાની ફરિયાદ ઉપરથી આરોપી નદીમ જીયાની અટકાયત કરી, કુંજ પક્ષીઓના સાત મૃતદેહને કબજે લેવામાં આવ્યા હતા. આ પછી આરોપી નદીમ સામે વન્ય સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ ગુનો નોંધી, આ સંગઠિત અપરાધમાં દ્વારકાની એડિશનલ ચીફ જ્યુડિશિયલ અદાલતમાં રજૂ કરવામાં આવતા નામદાર અદાલતે આરોપીને જિલ્લા જેલ ખાતે મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

ફોરેસ્ટ વિભાગની આ કાર્યવાહીથી કુંજ પક્ષીના શિકારીઓમાં ફફડાટની લાગણી પ્રસરી જવા પામી છે. આ સમગ્ર કાર્યવાહી રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન.પી. બેલા, સાથે સ્ટાફના એસ.જી. કણજારીયા, એન.જે. ગાગીયા સહિતની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

છેલ્લા છ મહિના ઉપરાંત રસ્તો ખરાબ હોવાથી યાત્રિકો ટુરીસો સ્થાનિકો પરેશાન : તાત્કાલીક રસ્તો રિપેર કરવા માંગ

યાત્રાધામ દ્વારકાથી નાગેશ્વર જયોતિલીગ જવાનો ૧૬ કિ.મીનો રસ્તો બિસ્માર

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૧

યાત્રાધામ દ્વારકા નજીક આવેલ દ્વાદ્રશ જયોતિલીંગ જવાનો ૧૬ કિમીનો રસ્તો છેલ્લા છ મહિના ઉપરાંત બિસ્માર હાલત હોવાથી યાત્રિકો ટુરીસ તેમજ સ્થાનિકો પરેશાન થૈઈ ગયેલ છે. યાત્રાધામ દ્વારકા દર્શનાર્થે દરરોજ હજારો ભાવિકો અને ટુરીસટો આવતા હોય છે. જેમા દ્વારકા દર્શન કરી લોકો પોતાના પ્રાઈવેટ વાહન તેમજ લોકલ વાહાનો બાંધી દ્વારકા દર્શન કરવા જતા હોય જે રૂટમાં નાગેશ્વર ગોપી તળાવ બેટ દ્વારકા અને રૂક્ષ્મણી મંદિરનો સમાવેશ થતો હોય છે. જેમા દ્વારકાથી પ્રથમ ઈસસ્કોગેટથી લૈઈ નાગેશ્વર જવાનો ૧૬ કિમીનો રસ્તો શ્રાવણમાસ પહેલા છ ઉપરાંતથી બિસ્માર હાલત હોય અનેક વખત રજુઆતો કરવા છતા સબંધિક્ત તંત્રનું પેટનું પાણી હલતું નથી. ૧૬ કિમીના રસ્તામાં અનેક પુલીયા આવેલ છે. તે પણ જોખમી જોવા મલ્યા છે. આ ખરાબ રસ્તાના કારણે એક થી વધું વખત નાના મોટા અકસ્માત થવાના બનાવો પણ બન્યા છે. નાગેશ્વર સુધી અનેક નેતાઓ તેમજ મંત્રિઓ પણ આ રસ્તેથી પસાર થૈઈ ચુક્યા છે. તેમ છતા આ રસ્તો બનાવા માટે નેતાઓ અને મંત્રીઓ રસ દાખવતા ન હોવાથી લોકો મિડીયા સામે સરકાર વિરૂધ્ધ રોષ વ્યકત કરી રહ્યા છે. નાગેશ્વર સુધીમાં અનેક ગામડાઓ અને ખેડુતોના ખેતરો આવેલા હોય છે. તેઓ પણ દ્વારકા સુધી કામે અથવા ઈમરજન્સી દવાખાના ના કામે પહોચ્તા ખરાબ રસ્તાના કારણે ટાઈમસર પહોચી શકતા નથી. તે પણ પરેશાન હોવાથી તંત્ર સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે. તંત્ર હવે રોડનું કામ ક્યારે શરૂ કરાવશે તે જોવાનું રહ્યું.

ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના ગ્લોબલ યુથ પ્રેસિડેન્ટ તરીકે કેતન ગઢવીની વરણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

કેતન ગઢવી(પાંચાળિયા) કે જેઓ મૂળ માણેકવાડા ગામનાં છે અને હાલ જૂનાગઢ રહે છે. તેઓ સામાજિક પ્રવુતિઓ સાથે વરસો થી જોડાયેલા છે.

ખાસ ગયા વર્ષે સોનલ ધામ મઢડા ખાતે આઈ શ્રી સોનલ માતાજીનો જન્મ શતાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો તે આખાયે આયોજન માં સહર્ષ ૧વર્ષ નો નિયમ કરીને સેવા આપી હતી તે તેમના જીવનની મોટામાં મોટી ઈવેન્ટ હતી. તેઓ અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહે છે, તેમાં દિલ્લી સ્થિત રક્ષા દ સેવિયર એનજીઓ ના તેઓ ગુજરાતના પ્રમુખ તરીકે સેવા આપે છે, રક્ષા દ સેવિયર દ્વારા હેન્ડીક્રાફટના એક્ઝીબિશન, વુમન એમ્પાવરમેન્ટ, શિક્ષણ અને શ્રમરોજગાર તરફ ખાસ ધ્યાન આપીને ગાયના છાણમાંથી ધૂપદીપ કપ, અગરબત્તી, ભગવાનની મૂર્તિઓ બનાવે છે. કેતનભાઈ જૂનાગઢ ખાતે કપુરિયા જીવતીબેન જીણાભાઈ એજયુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અંતર્ગત નાલંદા પ્રાયમરી સ્કુલ ચલાવે છે. તેમજ તેઓ જૂનાગઢ જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ છે. કેતનભાઈનું લેખન ક્ષેત્રે પણ પ્રદાન છે તેઓ મૂળ તો લેખક જ છે, સાથે સાથે તેઓ ચારણી સાહિત્યની ઓળખ સમાં ચરજ નેટવર્ક મેગેઝિન ના સહઃસંપાદક છે, સાથે સાથે તેઓ મુંબઈ સ્થિત વેસ્ટર્ન ઈન્ડિયા ફિલ્મ રાઈટર એસોસિએશનના મેમ્બર પણ છે. હાલ તેમની ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના ગ્લોબલ યુથ પ્રેસિડેન્ટ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. સામાજિક ઉત્થાનના કાર્યોથી તેમની સુવાસ ગ્લોબ સુધી પહોંચી છે.

રાજકોટમાં બિલ્ડરની દાદાગીરી : મંજૂરી વગર વૃક્ષો કાપતા વિવાદ સર્જાયો, લોકોમાં આક્રોશ જાગ્યો

વૃક્ષો કાપનાર માણસોએ આ બાબતે ગલ્લાં તલ્લાં કરવા લાગતા સ્થાનિકો દ્વારા વૃક્ષ કાપતા રોકવામાં આવ્યા

(જી.એન.એસ)

રાજકોટ, તા.૨૧

રાજકોટમાં બિલ્ડરે શહેરમાં વૃક્ષોનું નિષ્કંદન કરતા લોકોમાં આક્રોશ, બિલ્ડરને **RMC** એ નોટિસ ફટકારી છે. રાજકોટ શહેરના સિંચાઈ નગરમાં એક બિલ્ડરે મંજૂરી વગર વૃક્ષો કાપી નાખતા વિવાદ સર્જાયો છે. મોડી રાત્રે બિલ્ડરના માણસોએ ફૂટપાથ ઉપર ટ્રી-ગાર્ડમાં ઉછરેલા વૃક્ષો કાપતા સ્થાનિકો અને સદભાવના વૃદ્ધાશ્રમના વૃદ્ધોએ વિરોધ નોંધાવ્યો છે. સદભાવના વૃદ્ધાશ્રમના વૃદ્ધો આસપાસના વિસ્તારમાં આવેલ વૃક્ષોનું ખૂબ જતન કરતા હોવાથી આ ઘટનાથી તેઓ રોષે ભરાયા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે બિલ્ડરે પોતાના લાભ માટે મોડી રાત્રે અંધારામાં આ કૃત્ય કર્યું છે.શહેરના સિંચાઈ નગર વિસ્તારમાં આવેલ સદભાવના વૃદ્ધાશ્રમના વૃદ્ધો પર્યાવરણ પ્રેમી છે. વૃધ્ધાક્ષમના વૃદ્ધો દ્વારા આસપાસના વિસ્તારમાં આવેલ વૃક્ષોનું ખૂબ જતન કરવામાં આવે છે. પરંતુ ગત મોડી રાત્રે આર.કે. બિલ્ડરના માણસો સિંચાઈ નગરના વૃક્ષો કાપવા લાગ્યા.ફૂટપાથ ઉપર ટ્રી-ગાર્ડમાં ઉછરેલા વૃક્ષો કપાતા વૃદ્ધો રોષે ભરાયા હતા. વૃક્ષો કાપનાર માણસોને સરકારની મંજૂરી છે કે નહીં તેને લઈને પૂછપરછ કરવામાં આવી.

વૃક્ષો કાપનાર માણસોએ આ બાબતે ગલ્લાં તલ્લાં કરવા લાગતા સ્થાનિકો દ્વારા વૃક્ષ કાપતા રોકવામાં આવ્યા હતા. આ બનાવ બાદ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન એ બિલ્ડરને નોટિસ ફટકારી છે અને આ મામલે તપાસના આદેશ આપ્યા છે. ઈસઝએ બિલ્ડરને ૭ દિવસમાં ખુલાસો કરવા જણાવ્યું છે. શહેરમાં કોઈપણ જગ્યાએ ઝાડ કાપવું હોય તો કોર્પોરેશનની મંજૂરી લેવી પડે છે છતાં પણ આર.કે બિલ્ડર દ્વારા મંજૂરી લીધા વગર જ ઝાડ કાપી નખાયા. સ્થાનિકોએ માંગ કરી છે કે બિલ્ડર દ્વારા વૃક્ષોનું વધુ વાવેતર કરવામાં આવે. કોર્પોરેશન દ્વારા આર કે બિલ્ડર સામે કાર્યવાહી કરવા સ્થાનિકોએ માંગ કરી છે.

મધરાત્રે કાળ બનીને આવ્યો દીપડો, હુમલામાં એકનું મોત, અન્ય વ્યક્તિ ઘાયલ

ગીર સોમનાથ, તા.૨૧

વાઘા મસરીના દીકરાએ ચીસો પાડવાનું શરૂ કર્યું ત્યારે નજીકમાં રહેતા પરિવારના સભ્યો દોડી આવ્યા ગીર ગઢડા તાલુકાના જંગલ સરહદે આવેલા કોડિયા ગામમાં રાત્રે શિકારની શોધમાં નીકળેલા એક માનવભક્ષી દીપડાએ બે અલગ અલગ ઘરોના વરંડામાં સૂતેલા એક વ્યક્તિ પર જીવલેણ હુમલો કર્યો હતો. કોડિયા ગામની સીમમાં એક ઘરના વરંડામાં સૂતા એક વ્યક્તિ પર દીપડાએ હુમલો કર્યો હતો, જેમાં તેનું મોત થયું હતું.

જ્યારે દીપડાના હુમલામાં અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો. કોડિયા ગામમાં, મધરાત્રે લગભગ ૨ વાગ્યે વાઘા સાદુલ વાઘેલા તેમના ઘરના આંગણામાં સૂતા હતા ત્યારે તેમના પર દીપડાએ હુમલો કર્યો. હુમલા પછી, દીપડો વાઘાને ઘરના શેડમાં પલંગથી થોડે દૂર ખેંચી ગયો અને તેને શિકાર કરી નાખ્યો હતો.

જ્યારે ઘરમાં સૂતા પરિવારના સભ્યો બૂમો પાડવા લાગ્યા, ત્યારે દીપડો ભાગી ગયો અને બાજુના બગીચામાં બીજા ઘરમાં સૂતા દંપતી ભીમા બારૈયા પર હુમલો કર્યો. જેમાં તેને ચહેરા, માથા અને પીઠ પર ઈજાઓ થઈ હતી. વાઘા મસરીના દીકરાએ ચીસો પાડવાનું શરૂ કર્યું ત્યારે નજીકમાં રહેતા પરિવારના સભ્યો દોડી આવ્યા અને પહેલા ગામના આગેવાનોને અને પછી વન રક્ષક મેડમને ઘટનાની જાણ કરી. જેમણે રજા પર હોવા છતાં અસ્પષ્ટ જવાબ આપ્યો. જાણકારી અનુસાર ઘટનાના અંદાજે દોઢ કલાક પછી જશાધાર રેન્જમાં વન વિભાગના **RFO** ઘટનાસ્થળે પહોંચી મૃતકના પરિવારના સભ્યો અને ગ્રામજનોને જાણ કરવામાં આવી. ગામલોકોએ મૃતક વાઘા સાદુલ વાઘેલાના મૃતદેહને ઉપાડવા દીધો નહીં અને છઝહ્લ ને બોલાવવાની માગ કરી હતી.

ધોરણ-૯ અને ૧૧ની નવી સ્કૂલો શરૂ કરવા ૩૧મી સુધી અરજી કરી શકાશે

અમદાવાદ,તા.૨૧

રાજયમાં નવા શૈક્ષણિક વર્ષથી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની ખાનગી સ્કૂલો શરૂ કરવા ઓનલાઈન અરજી કરવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. ૨૦ ડિસેમ્બરથી શરૂ થયેલી આ કાર્યવાહીમાં ૧૯ જાન્યુઆરી સુધીની મુદત અપાઈ હતી. જોકે, હવે શિક્ષણ બોર્ડ દ્વારા ૩૧ જાન્યુઆરી સુધીની મુદત વધારવામાં આવી હોવાનું જાણવા મળે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે નવી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ૨૦ ડિસેમ્બરથી ઓનલાઈન અરજી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સંસ્થાઓ ૧૯ જાન્યુઆરી સુધી જરૂરી આધાર પુરાવા સાથે ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરાઈ હતી. આમ, સંસ્થાઓને નવી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની સ્કૂલો શરૂ કરવા માટે ૩૨ દિવસનો સમય અપાયો હતો. દરમિયાન, સંચાલક મંડળ દ્વારા નવી સ્કૂલો શરૂ કરવા માટે સંસ્થાઓને આપવામાં આવતા દિવસોમાં વધારો કરવા રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં સંચાલક મંડળે વધુ પંદર દિવસની મુદત લંબાવવામાં આવે તો અનેક સંસ્થાઓ જે પુરતા ડોક્યુમેન્ટ એકત્ર કરી શકી ન હોવાથી અરજી કરી શકી ન હોવાથી તેમને તક મળે તે માટે માગણી કરાઈ હતી. આથી શિક્ષણ બોર્ડે ૩૧ જાન્યુઆરી સુધી મુદતમાં વધારો કર્યો છે.

જોજો મફતની ચા ભારે ન પડે : ઘેનની દવા નાંખી લૂંટતી ગેંગ સક્રિય

રાજકોટમાં અલગ અલગ વિસ્તારમાં મદદ કરવાના બહાને ઠંડા પીણા તેમજ ચામાં ઘેનની દવા ભેળવી લૂંટી લેવાની ઘટના સામે આવી

રાજકોટ, તા.૨૧

પોલીસે આરોપીની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે જો તમે અજાણ્યા શખ્સો પર વિશ્વાસ વધુ કરતા હોય તો ચેતી જજો. રાજકોટમાં અલગ અલગ વિસ્તારમાં મદદ કરવાના બહાને ઠંડા પીણા તેમજ ચામાં ઘેનની દવા ભેળવી લૂંટી લેવાની ઘટના સામે આવી છે. વૃધ્ધ મહિલાઓને ઘેનની દવા પીવડાવી બેભાન કરી લૂંટ ચલાવી નાસી છૂટતી બંટી-બબલીને તાલુકા પોલીસે દબોચી લઈ ચાર ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. રાજકોટના મવડી કણકોટ રોડ પર લાલુભાઈ ટાઉનશીપમાં રહેતા ૬૨ વર્ષના પુષ્પાબેન નકુમેં તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા. ૧૪ના રોજ મવડી પાળ રોડ પર આવેલ રામધણ આશ્રમ દર્શન કરવા ગયેલ હતા. જયાં તેઓને દવાખાને જવું હોય જેથી સાવન ચોક પાસે પહોંચતા એક અજાણ્યા બહેન અને ભાઈ આવેલ અને કહેલ કે અમારે પણ દવાખાને જવું છે. ચાલો તમને સરકારી દવાખાને લઈ જવું બાદમાં અજાણી મહિલાએ

ઘેની ચા પીવડાવેલ જેથી તેઓ અર્ધબેભાન અવસ્થામાં પહોંચેલ હતા ત્યારે મહિલાએ બે ફડાકા ઝીંકી સોનાના દાગીનાની લૂંટ ચલાવી નાસી છુટયા હતા. બનાવ અંગેની ફરિયાદ પરથી તાલુકા પોલીસના સ્ટાફને મળેલ ચોકકસ બાતમીના આધારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર પાટીદાર ચોક પાસેથી લૂંટ ચલાવનાર એભા કમા વાઘેલા અને નાથીબેન એભા વાઘેલાને ઝડપી પાડી સઘન પુછતાછ હાથ ધરતા તેને અગાઉ માધાપરના નાથીબેન પરમાર નામના ૬૩ વર્ષીય વૃધ્ધાને પદાર્થ ભેળવી લચ્છી પાઈ લૂંટ ચલાવી હોવાનું પણ કબુલ્યું હતું. તેમજ તિલક પ્લોટમાં રહેતા જાનાબેન ખીમસુરીયા નામ ૬૫ વર્ષીય વૃધ્ધાને પણ સરબતમાં કેફી પદાર્થ ભેળવી લૂંટી લીધા હતા.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ૨૦મો પદવીદાન સમારોહ યોજાયો

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનું પ્રેરક સંબોધન : પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ અને કૃષિ વૈજ્ઞાનિકોને દેશ અને દુનિયાના કલ્યાણ માટે સતત રિસર્ચ કરવા આહ્વાન : રિસર્ચથી પ્રાકૃતિક કૃષિમાં વધુ આયામો જોડાશે અને ખેડૂતોનું કલ્યાણ થશે

જૂનાગઢ તા.૨૧

રાજયપાલ અને જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને આજે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ૨૦મો પદવીદાન સમારંભ યોજાયો હતો. જેમાં કૃષિ ક્ષેત્રની વિવિધ વિદ્યાશાખામાં ૬૭ ગોલ્ડ મેડલ સાથે ૫૮૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભાગૃહ ખાતે આયોજિત સમારોહમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામના પાઠવતાં તેમના અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું કે, વિદ્યા પ્રાપ્તિ માટે ભારે તપસ્યા અને મહેનત બાદ પદવી પ્રાપ્ત કરીને સમાજ અને રાષ્ટ્ર વચ્ચે જઈ રહ્યા છો, ત્યારે સત્યના આચરણ અને વ્યવહાર સાથે ધર્મ-કર્મ એટલે કે પોતાના માટે જે ઈચ્છીએ છીએ તે અન્ય માટે પણ ઈચ્છીએ. જવાબદારીપૂર્વક કર્મ કરવાને રાજયપાલશ્રીએ ધર્મનું લક્ષણ ગણાવ્યું હતું.

રાજયપાલશ્રીએ વિદ્યાર્થીઓને આજીવન વિદ્યા પ્રાપ્ત કરતા રહેવા અને અને વિદ્યાને પોતાના માટે સિમિત ન રાખતાં તેને સતત પરિસ્કૃત કરીને સમાજના કલ્યાણ માટે વહેંચવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓને પર્યાવરણ-પ્રકૃતિ રક્ષણ માટે ઉચિત યોગદાન આપી માનવીય ગુણોને સતત વિકસિત કરવા પ્રાધાન્ય આપજો. તેમ પણ જણાવ્યું હતું.

રાજયપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિની હિમાયત કરતાં કહ્યું કે, ૧૯૬૦ના દશકમાં જયારે હરિત ક્રાંતિની શરૂઆત થઈ ત્યારે એક એકરમાં ૧૩ કિલોગ્રામની રાસાયણિક ખાતર નાખવા માટેની ભલામણ હતી, પરંતુ આજે રાસાયણિક ખાતરના અંધાધુંધ ઉપયોગથી જમીન સખત અને બિન ઉપજાઉ બની રહી છે, સાથે જ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના જમીન અને પાકમાં અતિરેકભર્યા ઉપયોગથી લોકો ગંભીર રોગોના ભોગ પણ બની રહ્યા છે. તેઓએ સંયુક્ત રાષ્ટ્ર સંઘના એક રિપોર્ટને ટાંકતા કહ્યું કે, આગામી ૪૦-૫૦ વર્ષ સુધી કૃષિની આ જ સ્થિતિ રહી તો જમીન બિન ઉપજાઉ બની જશે.

રાજયપાલશ્રીએ કહ્યું કે, રાસાયણિક કૃષિથી જમીનનો ઓર્ગેનિક કાર્બન સતત ઘટ્યો છે, એક સમયે ૨.૫ કેટલો ઓર્ગેનિક કાર્બન હતો જે આજે ઘટીને ૦.૫ થી નીચે આવી ગયો છે. આ સ્થિતિમાંથી બહાર આવવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિ માટે મિશન શરૂ કર્યું છે, જેમાં કૃષિ વૈજ્ઞાનિકોનું યોગદાન મહત્વપૂર્ણ બની રહેશે.

રાજયપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ માટે સાચું નેતૃત્વ વિદ્યાર્થીઓએ કરવાનું છે, તેમણે પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ અને કૃષિ વૈજ્ઞાનિકોને દેશ અને દુનિયાના કલ્યાણ માટે સતત રિસર્ચ કરવા માટે કરવા અનુરોધ પણ કર્યો હતો. પ્રાકૃતિક કૃષિ પરના રિસર્ચથી પ્રાકૃતિક કૃષિમાં વધુ આયામો જોડાશે અને ખેડૂતોનું કલ્યાણ પણ થશે. આ સાથે તેમણે ગુજરાત સરકાર અને રાજયની ચાર યુનિવર્સિટીઓએ આ દિશામાં કામ શરૂ કર્યું હોવાનો આનંદ પણ વ્યક્ત કર્યો હતો.

રાજયપાલશ્રીએ પ્રાકૃતિક અને જૈવિક કૃષિના ભેદને સ્પષ્ટ કરતાં કહ્યું કે, જૈવિક ખેતીમાં ઉત્પાદન ખર્ચ અને મહેનત ઘટતી નથી, જ્યારે પ્રાકૃતિક કૃષિમાં કોઈ ખર્ચ રહેતો નથી, જેવી રીતે જંગલમાં વૃક્ષો વનસ્પતિનો વિકાસ થાય છે તે જ રીતે પ્રાકૃતિક ખેતી કુદરતના નિયમોને અનુસરે છે.

રાજયપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિના જુદા જુદા આયામો તથા વૈજ્ઞાનિક સંશોધનો અને તત્વોની છણાવટ કરતાં કહ્યું કે, પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રમાં ગુજરાત રાજ્ય અગ્રેસર બનશે અને તેનો સંદેશ સમગ્ર દેશમાં આપશે. તેમણે કહ્યું કે, વર્તમાન સમયમાં કૃષિ જે પરિસ્થિતમાંથી પસાર થઈ રહી છે, તેના પર ચિંતનની આવશ્યકતા છે. ગ્લોબલ વૉર્મિંગ આજે વિશ્વનો સૌથી મોટો પડકાર છે અને હવે તેણે પોતાનું વિનાશક રૂપ બતાવવાનું શરૂ કરી દીધુ છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપાય છે.

રાજયપાલશ્રીએ વીડિયોના માધ્યમથી રાસાયણિક કૃષિથી થતી હાની અને પ્રાકૃતિક કૃષિથી મિત્ર કીટકોમાં વધારો અને વરસાદી પાણીનું જમીનમાં ઉતરી જવું વગેરે પરિણામોનો વિગતવાર ચિતાર આપ્યો હતો. આ અવસરે રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે વર્ચ્યુઅલી હાજર રહી પ્રાસંગિક સંબોધન કર્યું હતું. તેમણે સ્નાતક અને અનુસ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી. તેમણે વિદ્યાર્થીઓને પ્રાપ્ત કરેલ જ્ઞાન દ્વારા કૃષિ અને ખેતી આધારિત ગ્રામજનોના સર્વાંગી વિકાસમાં ઉપયોગ કરી સાચા અર્થમાં સમાજ અને દેશ પ્રત્યે ઋણ અદા કરવા માટે અનુરોધ કર્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષ દરમિયાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને ખેડૂતોના વિકાસ માટે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે યોજનાઓ મંજૂર કરી છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના સંતુલિત વિકાસ માટે તથા વિદ્યાર્થીઓની કૃષિ અભ્યાસ પ્રત્યેની સુરૂચી જોતાં મોરબી ખાતે એક નવી કૃષિ કોલેજ શરૂ કરેલ છે.પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે આ ક્ષેત્રે સંશોધન, શિક્ષણ, તેમજ વિસ્તરણ પ્રવૃતીઓને વેગ આપવાની જરૂરિયાત છે. આ માટે એસ્ટાબ્લિશમેન્ટ ઓફ નેચરલ ફાર્મિંગ રિસર્ચ સેલની યોજના મંજુર કરવામાં આવી છે. તેમ ઉમેર્યું હતું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના કુલપતિ શ્રી ડો. સુકાન્તા કુમાર સેનાપતિએ દીક્ષાંત પ્રવચન આપતાં કહ્યુ કે, દુનિયાના દરેક કાર્યોમાં કૃષિ સૌથી ઉત્કૃષ્ટ કાર્ય છે. ભારત કૃષિ આધારિત દેશ છે ત્યારે કૃષિ દ્વારા કઈ રીતે દેશને આત્મનિર્ભર બનાવી શકીએ, એ દિશામાં પણ ચિંતન કરવા માટે આહ્વાન કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને પરીપૂર્ણ કરવા અને રાષ્ટ્રહિતમાં યુવાપેઢીને ઉચિત યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ, સખત મહેનત, ધૈર્ય જેવા ગુણો કેળવવાની સાથે ભૌતિક વિકાસની સાથે આધ્યાત્મિક વિકાસ સાધવા ભારપૂર્વક જણાવ્યું હતું.

કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.વી.પી.ચોવટિયાએ સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીની સિદ્ધિઓ, કામગીરીથી સૌને અવગત કર્યા હતા. કાર્યક્રમના અંતે રજીસ્ટ્રાર શ્રી વાય.એચ. ઘેલાણીએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી અનિલ રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાન, ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડાશ્રી ભગીરથસિંહ જાડેજા, ડિરેક્ટર ઓફ રિસર્ચ એન્ડ ડિન ડો આર. બી. માદરીયા, ફેકલ્ટી ઓફ એગ્રીકલ્ચર પ્રિન્સિપાલ એન્ડ ડિન ડો. પી.ડી.કુમાવત, ફેકલ્ટી ઓફ હૉર્ટિકલ્ચરના પ્રિન્સિપાલ અને ડીન ડો. ડી. કે. વરુ, ફેકલ્ટી ઓફ એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના પ્રિન્સિપાલ અને ડો. એચ.ડી. રાંક ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને વડાશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવો, ગણમાન્ય નાગરિકો, અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભાગૃહ ખાતે યોજાયેલ આ દીક્ષાંત સમારંભમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ ગુણાંક મેળવનાર શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને કુલ- ૬૭ ગોલ્ડ મેડલ/ ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ તથા ૦૧ (એક) કેશપ્રાઈઝ આપવામાં આવ્યા હતા. તેમજ કૃષિ, બાગાયત, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી તથા એગ્રી-બિઝનેસ મેનેજમેન્ટ વિદ્યાશાખાના સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના કુલ-૫૮૮ વિદ્યાર્થીઓને રાજયપાલશ્રીના હસ્તે પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનું જૂનાગઢના પી.ટી.સી. હેલીપેડ ખાતે ઉષ્માભર્યું સ્વાગત

જૂનાગઢ તા.૨૧

રાજયપાલ આચાર્ય દેવવ્રતજી જૂનાગઢ ખાતેની પોલીસ તાલીમ મહાવિદ્યાલયના હેલીપેડ ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ૨૦માં દીક્ષાંત સમારોહમાં સહભાગી થવા પધારેલા રાજયપાલને જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી.ચોવટીયા, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા, રજીસ્ટાર વાય.એચ. ઘેલાણી સહિતના મહાનુભાવોએ આવકાર્યા હતા.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મનું નિરીક્ષણ કર્યું

જૂનાગઢ,તા. ૨૧

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ૨૦માં પદવીદાન સમારંભ બાદ કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલા પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન વિભાગ અંતર્ગત પ્રાકૃતિક કૃષિમાં જુદા જુદા પાકો પર પ્રયોગો થતા હોય છે, જેની રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મુલાકાત લીધી હતી. તેમણે કૃષિ યુનિવર્સિટી દ્વારા કાર્યરત પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની પ્રવૃત્તિઓ નિહાળી હતી અને જરૂરી સૂચનો કર્યા હતા. આચાર્ય દેવવ્રતજીની આ મુલાકાત દરમિયાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. વી.પી.ચોવટીયા, પ્રાકૃતિક કૃષિ ફાર્મના હેડ પી.જે. ગોહિલ, એસ. કે. છોડવડીયા ઉપસ્થિત રહ્યા હતા. રાજયપાલે ત્યારબાદ કામધેનુ યુનિવર્સિટી અંતર્ગતના પશુ ઉછેર કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી.

ભક્તકવિ નરસિંહ મહેતા ઝુઓલોજી વિભાગનાં શોધસ્કોલર અને યુનિ.નાં પીએચ.ડી. અભ્યાસરત છાત્રો માટે માઈક્રોસ્કોપીક અને સ્પેકટ્રોસ્કોપીક કાર્યક્રમ યોજાયો

વિજ્ઞાનમાં શોધકર્તા વિદ્યાર્થીઓને મળતી આધુનિક જ્ઞાનપિરસતી તાલીમ થકી જ્ઞાનવર્ધન થતુ હોય છે : પ્રો.(ડો.) અતુલ બાપોદરા, કૂલપતિ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
આપનું હાર્દિક સ્વાગત કરે છે.

જૂનાગઢ, તા.૨૧

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં જીવવિજ્ઞાન વિભાગ તળે કાર્યરત ઝુઓલોજી યુનિટ દ્વારા માઈક્રોસ્કોપીક અને સ્પેક્ટ્રોસ્કોપીક વિષય ઉપલક્ષ્યેમાઈક્રોસ્કોપના પ્રકાર (કમ્પાઉન્ડ માઈક્રોસ્કોપ, સ્ટીરિયો ઝૂમમાઈક્રોસ્કોપ, ફ્લોરોસેન્સ માઈક્રોસ્કોપ અને ફેઝ-કોન્ટ્રાસ્ટ માઈક્રોસ્કોપ) અને વિવિધ સ્પેક્ટ્રોસ્કોપી તકનીકો.વિવિધ પ્રકારના માઈક્રોસ્કોપ અને સ્પેક્ટ્રોસ્કોપી દ્વારા આવરી લેવામાં આવતી એપ્લિકેશન,ડિજિટલ ઈમેજિંગ અને વિશ્લેષણ અને તેનાં વપરાશ દરમ્યાન થતી મુશ્કેલી તથા નિવારણ અંગે છાત્ર માર્ગદર્શન આપતો બે દિવસીય વર્કશોપ યોજાયો હતો.

માઈક્રોસ્કોપીક અને સ્પેક્ટ્રોસ્કોપીક વિષય પર મેગ્નસ ઓપ્ટો સીસ્ટમ પ્રા.લીમીટેડનાં મનિષ કથુરીયાએ શોધ સ્કોલર્સ અને પીએચ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે માઈક્રોસ્કોપએ અતિસૂક્ષ્મ વસ્તુ(નમૂના)ને વિવર્ધિત કરી જોવા માટેનું ઉપકરણ છે. તેના વડે સૂક્ષ્મ વસ્તુનું મોટું પ્રતિબિંબ મેળવી શકાય છે. માઈક્રોસ્કોપ વડે જોવાની વસ્તુને સામાન્યતઃ ’નમૂનો’ કહેવામાં આવે છે. માઈક્રોસ્કોપ વિજ્ઞાન-ક્ષેત્રે અતિ મહત્વનું ઉપકરણ છે.માઈક્રોસ્કોપ એ એક સાધન છે જેનો ઉપયોગ નરી આંખે જોઈ શકાય તેટલી નાની વસ્તુઓને જોવા માટે થાય છે. માઈક્રોસ્કોપ લેન્સ અને રોશનીનાં સંયોજનનો ઉપયોગ નમૂનાની ઝીણી વિગતોને વિસ્તૃત કરવા અને ઉકેલવા માટે કરે છે,ફલોરોસેન્સ માઈક્રોસ્કોપ, સ્ટીરિયો-ફલોરોસેન્સ માઈક્રોસ્કોપ્સ, સ્ટીરિયો માઈક્રોસ્કોપ, જૈવિક માઈક્રોસ્કોપ, ધ્રુવીકરણ માઈક્રોસ્કોપ, મેટલર્જિકલ માઈક્રોસ્કોપ જેવા અનેક માઈક્રોસ્કોપનાં ઘણાં વિવિધ પ્રકારો છે, આધુનિક સ્પેક્ટ્રોસ્કોપ અને સ્પેક્ટ્રોમિટર (સ્પેક્ટ્રોમિટર એટલે જુદી જુદી તરંગલંબાઈ પર રહેલ વિકિરણ-ઊર્જા માપતું સાધન છે. ખનિજ જેવા પદાર્થમાં રહેલ વિવિધ તત્વોની ઓળખ માટે જ્યોત વર્ણપટવિજ્ઞાનની પદ્ધતિ વ્યાપક ઉપયોગમાં લેવાય તેવા સ્પેક્ટ્રમશાસ્ત્રના અભ્યાસમાં વપરાતા ઉપકરણન-ક્ષેત્રે છેલ્લાં પચાસ વર્ષમાં થયેલ હરણફાળ અંગે જાણકારી આપી હતી. યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરાએ જણાવ્યુ હતુ કે વિજ્ઞાનનાં વિદ્યાર્થીઓને મળતી આધુનિક જ્ઞાનપિરસતી તાલીમ થકી જ્ઞાનવર્ધન થતુ હોય છે, કાર્યક્રમને સફળ બનાવવા ડો. જતીન રાવલે જહેમત ઉઠાવી હતી.

ગુજરાતમાં ઓવરસીઝ એજ્યુકેશન લોનમાં ઓક્સિલો ૯૫%થી વધુ CAGR નોંધાવી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અગ્રણી એજ્યુકેશન ફાઈનાન્સ NBFC, ઓક્સિલો ફિનસર્વે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાં ગુજરાતમાં ૯૫%થી વધુ ઝછય્ઈ નોંધાવ્યો છે. વધતી માંગને પહોંચી વળવા અને લોનની સરળ અને ઝડપી પ્રક્રિયા માટે કંપની ટૂંક સમયમાં મુખ્ય સ્થળો પર તેના ગ્રાહકને સંપર્ક માટે કેન્દ્રોમાં વધારો કરશે. ઓવરસીઝ લોન, ઓક્સિલોના CBO શ્વેતા ગુરૂ એ માહિતી આપતા જણાવ્યું હતું કે "મહામારી પછી, વિદેશમાં શિક્ષણ માટે વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, અને આ વધતી માંગને પહોંચી વળવા માટે, અમે ગુજરાતમાં અમારી શાખાના નેટવર્કને ધીમે ધીમે વિસ્તૃત કરવાની યોજના બનાવી છે." ગુજરાતમાં, ઓક્સિલોના સુરત, નવસારી, બારડોલી, વાપી, ભરૂચ અંકલેશ્વર, બરોડા, નડિયાદ, આણંદ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, કડી અને કલોલ જેવા મહત્વપૂર્ણ સ્થળોએ વિદ્યાર્થીઓને સેવા પૂરી પાડે છે. કંપની ટૂંક સમયમાં અમદાવાદમાં પ્રાદેશિક મુખ્યાલય સાથે રાજકોટ, જામનગર, ભાવનગર અને બરોડામાં તેના વર્તમાન નેટવર્કમાં ઉમેરો કરશે. વર્ષ ૨૦૨૩ માં ગુજરાતમાંથી લગભગ ૧,૦૫,૬૦૦ વિદ્યાર્થીઓએ વિદેશ પ્રવાસ કર્યો, જે વર્ષ ૨૦૨૨ થી ૧૧.૮% નો વધારો દર્શાવે છે, વર્ષ ૨૦૨૨માં ૯૪,૪00 વિદ્યાર્થીઓ વિદેશ ગયા હતા. શ્રીમતી ગુરૂએ ઉમેર્યું હતું કે "I ૩૫ થી I 1 કરોડ સુધીની લોનની રકમ સાથે,

વિદ્યાર્થીઓ સામાન્ય રીતે યુએસ, યુકે, કેનેડા, આયર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની અગ્રણી યુનિવર્સિટીઓ પસંદ કરે છે." ડેટા મુજબ, ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા પસંદ કરાયેલા ટોચના અભ્યાસક્રમોમાં માસ્ટર ઈન કમ્પ્યુટર સાયન્સ, માસ્ટર ઈન ઈન્ફર્મેશન સિસ્ટમ્સ, માસ્ટર ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, માસ્ટર ઈન બિઝનેસ એનાલિટિક્સ અને માસ્ટર ઈન ડેટા સાયન્સનો સમાવેશ થાય છે. ઓક્સિલો ફિનસર્વ ELME એડવાઈઝર્સ LLPના આકાશ ભણશાલી દ્વારા પ્રમોટ કરવામાં આવે છે અને બલરામપુર ચીની મિલ્સ લિમિટેડ દ્વારા સહ-રોકાણ કરવામાં આવે છે.

AACA અને સ્પોર્ટ્સ કલબ દ્વારા આયોજિત ૮મું રક્તદાન શિબિર મહોદય

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ એડ્વરટાઈઝિંગ સર્કલ એસોસિએશન (AACA) અને સ્પોર્ટ્સ કલબ દ્વારા રવિવાર, ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સ્પોર્ટ્સ કલબ, નવરંગપુરા ખાતે ૮મું રક્તદાન શિબિર સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યું હતું. આ શિબિર દરમ્યાન ૬૧ યુનિટ બ્લડ એકત્રિત થયું, જે કેન્સર પીડિત બાળકોની સારવાર માટે ગુજરાત કેન્સર સોસાયટી (GCS) મેડિકલ કોલેજ, હૉસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ખાતે દાન આપવામાં આવ્યું છે. આ શિબિરમાં મીડિયા ફ્રેટરનિટી, એડવર્ટાઈઝિંગ એજન્સીના સભ્યો, સ્પોર્ટ્સ કલબના સભ્યો અને અમદાવાદના નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ

Give Hope, Give Blood !

ર્હહ્વઙ્મી ષ્ઠટ્ટેજી અમદાવાદના લોકોની ય્ીહીર્જિંઅ અને responsibilitઅનું ઉત્તમ ઉદાહરણ છે. મહેરબાની કરીને આ અહેવાલને તમારા પ્રતિષ્ઠિત પત્રમાં પ્રકાશિત કરો, જેથી વધુ લોકોને આવા કાર્યોમાં જોડાવાની પ્રેરણા મળે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

ઈતિહાસનું પુનર્લેખન અને તેની સામેના પડકારો

નવા વર્ષમાં દિલ્હીના આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરમાં ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય પુસ્તક ન્યાસથી પ્રકાશિત પુસ્તક 'જમ્મુ કાશ્મીર એવં લદ્દાખ, સાતત્ય ઔર સંબદ્ધતા કા ઐતિહાસિક વૃત્તાંત'નું લોકાર્પણ કર્યું. લોકાર્પણ સમારોહમાં અમિત શાહે કેટલીય એવી વાતો કરી જેના પર બૌદ્ધિક જગતમાં વિમર્શ થવો જોઈએ. ગૃહમંત્રીએ કહ્યું કે આપણા દેશના દરેક હિસ્સામાં રહેલ ભાષાઓ, લિપિઓ, આધ્યાત્મિક વિચાર, તીર્થસ્થળોની કલાઓ, વાણિજ્ય અને વેપાર, હજારો વર્ષથી કાશ્મીરમાં ઉપસ્થિત હતા અને ત્યાંથી જ દેશના કેટલાય હિસ્સામાં પહોંચ્યા હતા. જ્યારે આ વાત સિદ્ધ થઈ જાય છે તો કાશ્મીરના ભારત સાથે જોડાણનો પ્રશ્ન નકામો થઈ જાય છે. તેમણે એ વાતને રેખાંકિત કર્યું કે આ પુસ્તક પ્રમાણિત કરે છે કે દેશના ખૂણા-ખૂણામાં વિખેરાયેલી આપણો સમૃદ્ધ વારસો હજારો વર્ષોથી કાશ્મીરમાં પણ હતો. પુસ્તક વિશે કહેવાય છે કે તેમાં લગભગ આઠ હજાર વર્ષ જૂના ગ્રંથોમાં જ્યાં પણ, જે રૂપમાં કાશ્મીરનો ઉલ્લેખ આવ્યો છે, તેને રજૂ કરવામાં આવ્યો છે. ગૃહમંત્રીએ કાશ્મીરને ભારતનું અવિભાજ્ય અંગ જણાવતાં કહ્યું કે કોઈપણ કાયદાની ધારા તેને ભારતતી અલગ ન કરી શકે. પૂર્વમાં કાશ્મીરને ભારતથી અલગ કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા, પરંતુ સમયે એ કલમને જ હટાવી દીધી. દેખીતી વાત છે કે તેઓ કાશ્મીરથી અનુચ્છેદ ૩૭૦ને ખતમ કરવાની વાત કહી રહ્યા હતા. ગૃહમંત્રીએ આ પ્રયાસને રેખાંકિત કર્યો જે અંતર્ગત લાંબા સમયથી દેશમાં ચાલીર હેલા મિથકને તથ્યો અને પ્રમાણોના આધાર પર તોડીને સત્યને ઐતિહાસિક દૃષ્ટિએ પ્રસ્થાપિત કરવાનું કામ કરવામાં આવ્યું. આ પુસ્તકનું સંપાદન ભારતીય ઈતિહાસ સંશોધન પરિષદના ચેરમેન રઘુવર તંવરે કર્યું છે. અમિત શાહે ઈતિહાસ લેખન પર કટાક્ષ કર્યો અને કહ્યું કે કેટલાક લોકો માટે ઈતિહાસનો મતલબ દિલ્હીના દરીબાથી લઈને બલ્લીમારન અને લુટિયનથી જીમખાના સુધી સમેટાઈ ગયો હતો. અમિત શાહ જ્યારે ઈતિહાસ લેખન વિશે વાત કરી રહ્યા હતા તો તેઓ ભારતીય દૃષ્ટિએ લખવામાં આવેલ ઈતિહાસની અપેક્ષા કરી રહ્યા હતા. પરોક્ષ રૂપે તેમણે માર્કસવાદી ઈતિહાસકારો પર કટાક્ષ પણ કર્યો અને રૂમમાં બેસીને ઈતિહાસ લખવાની વાત કરી. અમિત શાહ ઈતિહાસ લેખનને લઈને સમયે સમયે પોતાનો બિન્ધાસ્ત અભિપ્રાય આપે છે. મોદી સરકારના પહેલા અને બીજા કાર્યકાળમાં ઘણા લોકો ડાબેરીઓને દરેક ભૂલ માટે જવાબદાર ઠેરવતા હતા. સેમિનારો અને ગોષ્ઠીઓમાં વામપંથી અને માર્કસવાદી ઈતિહાસકારોની ભૂલો તરફ ઈશારો કરી તેમને ભાંડતા હતા. કેટલાંક વર્ષ પહેલાં અમિત શાહે કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના કાર્યક્રમમાં ભારતીય દૃષ્ટિએ ઈતિહાસના પુનર્લેખનની વાત કરી હતી. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે માત્ર કોઈને દોષ આપવાથી કામ નથી ચાલવાનું. તેમણે ભારતીય દૃષ્ટિ રાખનારા ઈતિહાસકારો પર પણ સવાલ ઊભા કર્યા, પરંતુ તેમાંથી કેટલાયે ભારતીય દૃષ્ટિથી વિચાર કર્યો. મોટા-મોટા ભારતીય સામ્રાજ્યના સંદર્ભગ્રંથ સુદ્ધાં નહીં બનાવી શકવાની વાત પણ અમિત શાહે રેખાંકિત કરી હતી. મૌર્ય સામ્રાજ્ય, ગુપ્ત સામ્રાજ્યનો સંદર્ભગ્રંથ તૈયાર ન કરી શક્યા. મગધનો આટલો મોટો આઠસો વર્ષનો ઈતિહાસ, વિજયનગરનું સામ્રાજ્ય, પરંતુ સંદર્ભગ્રંથ ન બનાવી શક્યા. શિવાજી મહારાજના સંઘર્ષ, તેમના સ્વદેશના વિચારને કારણે આખો દેશ આઝાદ થયો. અફઘાનિસ્તાન સુધી મોટું સામ્રાજ્ય બનાવીને પણ આપણે કશું ન કરી શક્યા. શીખ ગુરુઓના બલિદાનોને પણ ઈતિહાસમાં સાચવવાની કોશિશ ન કરાઈ. મહારાણા પ્રતાપના સંઘર્ષ અને મુગલો સામે થયેલા સંઘર્ષની એક મોટી લાંબી ગાથાને સંદર્ભ ગ્રંથમાં પરિવર્તિત ન કરી શકાઈ. વીર સાવરકર ન હોત તો ૧૮૫૭ની ક્રાંતિ પણ ઈતિહાસમાં યોગ્ય રીતે નોંધાઈ ન હોત. તેને પણ આપણે અંગ્રેજોની દૃષ્ટિએ જ જોતા. આજે પણ કેટલાય લોકો તેને સિપાઈ વિદ્રોહના નામે જ ઓળખે છે. વીર સાવરકરે ૧૮૫૭ની ક્રાંતિને પહેલા સ્વાતંત્ર્ય સંગ્રામનું નામ આપ્યું. ગૃહમંત્રીએ ત્યારે ભાર દઈને કહ્યું હતું કે વામપંથીઓને, અંગ્રેજ ઈતિહાસકારો કે મુગલકાલીન ઈતિહાસકારોને દોષ આપવાથી કશું નહીં થાય. કેન્દ્રીય ગૃહમંત્રીએ બહુ સચોટ વાત કહી હતી કે જો કોઈની લીટી નાની કરવી હોય તો તેને સમાંતર મોટી લીટી દોરવી પડશે. ભારતીય ઈતિહાસ સંશોધન પરિષદથી માંડીને તમામ સાહિત્યિક સાંસ્કૃતિક સંસ્થાઓએ એ જોવું પડશે કે ઈતિહાસ લેખનમાં સતર્કતા અને તટસ્થતા રાખવામાં આવે છે કે નહીં. ભારતીય ઈતિહાસ સંશોધન પરિષદમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઈતિહાસને લઈને કેટલાંક કામ થયાં છે, પરંતુ વચ્ચે-વચ્ચે ત્યાં કંઈક એવેં બની જાય છે જેની છાયા લાંબા સમય સુધી એ સંસ્થા પર અનુભવાય છે. પરિષદનું કામ ઈતિહાસ લેખન અને તેની અવધિ પર ધ્યાન આપવાનું છે, ઝંડા લગાવવા અને ગેસ્ટહાઉસ બનાવવાનું નહીં. ભારતીય ઈતિહાસ સંશોધન પરિષદ પર બહુ મહત્ત્વની જવાબદારી છે, પરંતુ ત્યાં પણ લાંબા સમયથી સદસ્ય સચિવ નહીં હોવાને કારણે પ્રશાસનિક અને અકાદમિક અડચણો આવતી રહે છે. ઉપરથી ત્યાં એવું બને છે જે સારાં કામોને ઢાંકી દે છે. જ્યાં સુધી મોટી લીટી તાણવાનો સવાલ છે તો તેની જવાબદારી સરકાર પર ન છોડી શકાય. બુદ્ધિજીવી વર્ગે આ બીડું ઝડપવું પડશે. સરકાર સંસ્થાઓ બનાવી શકે છે, એ સંસ્થાઓની કમાન યોગ્ય વ્યક્તિઓને આપીને તેમની પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ ઈતિહાસ લેખનમાં સતર્કતા અને તટસ્થતાને જાળવી રાખે. ઈતિહાસને લઈને કામ કરી રહેલી સંસ્થાઓ કોઈ ઠોસ કામને બદલે કાર્યક્રમો કરે રાખે છે.

જરૂરિયાત એ વાતની છે કે 'જમ્મુ કાશ્મીર એવં લદ્દાખ, સાતત્ય ઔર સંબદ્ધતા કા ઐતિહાસિક વૃત્તાંત' જેવાં પુસ્તકો વધુને વધુ સંખ્યામાં આવે. સંપાદિત પુસ્તકો પણ આવે, પરંતુ સ્કોલર્સની પસંદગી કરીને તેમને સ્વતંત્ર પુસ્તકો લખવા માટે પણ પ્રેરિત કરવામાં આવે. તેમને ફેલોશિપ આપવામાં આવે, તેમને વિષય આપીને શોધ કરાવવામાં આવે. જે તથ્ય ઓઝલ કરી દેવાયાં છે, તેને સામે લાવવાની જવાબદારી સોંપવામાં આવે. અમિત શાહ જે સંદર્ભ ગ્રંથોની વાત કરી રહ્યા છે તેને તૈયાર કરવાની દિશામાં ભારતીય ઈતિહાસ સંશોધન પરિષદે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. ભારતીય દૃષ્ટિ ધરાવતા ઈતિહાસકારોની પસંદગી કરીને તેમની પાસે સંદર્ભ ગ્રંથ તૈયાર કરાવવા જોઈએ. મંત્રાલયનું પણ દાયિત્વ છે કે તે આ પ્રકારની સંસ્થાઓમાં સમયસર માનવ સંસાધન ઉપલબ્ધ કરાવે, જેથી પ્રશાસનિક અને અકાદમિક કાર્યોમાં અડચણ ન આવી શકે. એ સારી વાત છે કે એક પુસ્તક આવ્યું અને ગૃહમંત્રીએ તેની પ્રશંસા કરી. આવાં પુસ્તકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત અભ્યાસક્રમોમાં સામેલ કરાવવાં જોઈએ. પ્રતિયોગી પરીક્ષાઓમાં એ જ પુસ્તકોમાંથી પ્રશ્નો પૂછાય, જેથી વિદ્યાર્થી તેનું અધ્યયન કરી શકે. જે રીતે ભારતીય ઈતિહાસને વિકૃત કરવામાં આવ્યો છે, તેના માટે એક ટાસ્ક ફોર્સ બનાવીને કામ કરવું પડશે, નહીં તો સમય બહુ ઝડપથી નીકળતો જાય છે.

ગુજરાત યુનિવર્સિટી વિવાદમાં સપડાઈ

ગુજરાત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગના લેડીઝ રૂમમાં CCTV

સીસીટીવીથી અધ્યાપક વિદ્યાર્થિનીઓને કેમેરામાં જોતા હોવાનો પત્રમાં આક્ષેપ થયો છે

GUJARAT
UNIVERSITY

અમદાવાદ,તા.૨૧

ફરી એકવાર રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટી એવી ગુજરાત યુનિવર્સિટી વિવાદમાં સપડાઈ છે. યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગના હેડ તેમની સામે થયેલી નનામી ફરિયાદને લઈને વિવાદમાં આવ્યા છે. તેમાં પણ ડિપાર્ટમેન્ટમાં લેડીઝ રૂમમાં લગાવવામાં આવેલા સીસીટીવીને લઈને યુનિવર્સિટીના આ પ્રોફેસર સામે આક્ષેપો કરવામાં આવ્યા છે. જોકે પ્રોફેસરે આક્ષેપોને નકાર્યા છે. તેઓએ કોઈપણ પ્રકારની તપાસમાં પૂર્ણ સહયોગ આપવાની પણ તૈયારી બતાવી છે.

બીજી તરફ, ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશોએ આ ફરિયાદ નનામી હોવાના કારણે કોઈ કાર્યવાહી ન થઈ શકે, તેવું જણાવીને કાર્યવાહી કરવાનું ટાળિયું છે. ગુજરાત યુનિવર્સિટીના વધુ એક અધ્યાપક સામે આક્ષેપ થયા છે. આંકડાશાસ્ત્ર વિભાગના અધ્યાપક પ્રો. પ્રવિન્દર દ્વારા વિદ્યાર્થીનીઓને પરેશાન કરવામાં આવતી હોવાનો પત્ર વાયરલ થયો છે. આ પત્રમાં અધ્યાપક સામે વિદ્યાર્થીઓને માનસિકત્રાસ અને અપમાન કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્કૂલ ઓફ સાયન્સમાં આંકડાશાસ્ત્રના અધ્યાપક પ્રો. પ્રવિન્દર સિંઘ ફરજ બજાવે છે. તેમની સામે ૩૬ પાનાની નનામી ફરિયાદ થઈ છે. સીસીટીવીથી અધ્યાપક વિદ્યાર્થીનીઓને કેમેરામાં જોતા હોવાનો પત્રમાં ઉલ્લેખ છે. આંકડાશાસ્ત્ર વિભાગના લેડીઝ રૂમમાં સીસીટીવી હોવાનો પત્રમાં ઉલ્લેખ કરાયો છે. સીસીટીવીથી અધ્યાપક વિદ્યાર્થિનીઓને કેમેરામાં જોતા હોવાનો પત્રમાં આક્ષેપ થયો છે. આ ઉપરાંત પ્રોફેસર વિવિધ સેવાઓના અલગ-અલગ ચાર્જ લેતો હોવાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. તેઓ ખોટી હાજરી પુરવાના ૧૫૦૦ ચાર્જ લેવાતો હોવાનો આરોપ પણ લગાવવામાં આવ્યો છે. અધ્યાપક 'પ્રવિન્દર સર્વિસ ટેકસ' લેતો હોવાની પણ ફરિયાદ થઈ છે.

સરકાર જીએસટી ઉઘરાવે પરંતુ પ્રોફેસર 'પીએસટી' ઉઘરાવતા હોવાનો તેમજ પ્રોફેસર વિવિધ સેવાઓના અલગ અલગ ચાર્જ લેતો હોવાનો ઉલ્લેખ છે. તેમજ ઈન્ટરનલ માર્ક, લેટ સબમિશન ફી, વાઈવાના માર્ક, એસટી બસ અને ટ્રેનના સહીસિક્કાના ૫૦૦-૫૦૦ રૂપિયા ચાર્જ લેતો હોવાનો આક્ષેપ પણ છે. વળી વિદ્યાર્થીઓને કોરી ઉત્તરવહી ઘરે લખવા આપતો હોવાની અને કોરી ઉત્તરવહી સહી કરીને પેપર ઘરે લખવાની સુવિદ્યા માટે સપ્લીમેન્ટ્રી દીઠ ૫૦૦ રૂપિયા લેવાતો હતો, તે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, ગુજરાત યુનિવર્સિટીના સ્ટેટેસ્ટિક્સ વિભાગના એચઓડી એસોસિયેટ પ્રોફેસર પ્રવિન્દરે જણાવ્યું કે, મારા વિરુદ્ધમાં થયેલી ફરિયાદ અંગે મને કોઈ જાણ નથી. હું જ્યારથી આ વિભાગમાં એચઓડી બન્યો એ પહેલેથી જ દરેક રૂમમાં સીસીટીવી કેમેરા લાગેલા હતા. મારા આવ્યા બાદ કોઈપણ વધારાના કેમેરા લગાડવામાં આવ્યા નથી. જે પણ કંઈ ફરિયાદ થઈ છે એ વિશે હું કંઈ જાણતો નથી. સીસીટીવી વિશે મને કોઈ જાણકારી નથી. મારી સામેની જે પણ કોઈ ફરિયાદ કરવામાં આવી છે, એ નિરાધાર છે. હું તપાસ માટે તૈયાર છું. સરકાર ગુજરાત યુનિવર્સિટી કે કોઈપણ તપાસ કરે અને મને પૂછતા માટે બોલાવશે તો હું હાજર રહીશ, સહકાર આપીશ. જ્યારે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું કે, ફરિયાદમાં કોઈપણ વ્યક્તિનું નામ નથી. નનામી અરજી કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જો નનામી અરજી કરવામાં આવી હોય તો કોઈપણ પ્રકારની તપાસ કરવાની થતી નથી. છતાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ જણાવ્યું કે, જો આવી કોઈ ઘટના ઘટી હોય અને કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને તકલીફ થઈ હોય તો તે અમને જાણ કરે. તેના નામને લઈને અમે ગુપ્તતા જાળવીશું અને તપાસ કરાશે. જોકે, હાલ આ મામલે કોઈ તપાસ કરવાની જરૂરિયાત રહેતી નથી, કારણ કે અરજી નનામી છે.

રાજયસેવક તરીકેના હોદાનો દુરપયોગ કર્યો

રેલવે પોલીસનો હેડ કોન્સ્ટેબલ રૂપિયા ૧૦ હજારની લાંચ લેતા ઝડપાયો

રાજકોટ,તા.૨૧

રાજકોટમાં રેલવે પોલીસનો હેડ કોન્સ્ટેબલ લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઈ ગયો છે.તત્કાલ રેલવે ટીકીટના કાઉન્ટર બહાર આરોપી હેડ કોન્સ્ટેબલે લાંચ લીદી હોવાની વાત સામે આવી છે જેમાં ચોરીના કેસમાં ફરિયાદીના ભાઈ પાસે માગી હતી લાંચ તેમજ આરોપીને હેરાનગતિ નહી કરવાને લઈ રૂપિયા ૧૦ હજારની લાંચ માંગવામાં આવી હોવાની વાત સામે આવી છે.

ફરીયાદી

એક જાગૃત નાગરીક

આરોપી

વેલાભાઇ ડાયાભાઇ મુંધવા, અના.પો.હેડ કોન્સ., રેલ્વે પોલીસ સ્ટેશન રાજકોટ, (વર્ગ-૩)

ટ્રેપ ની તા.૨૦/૦૧/૨૦૨૫

લાંચની માંગણીની રકમઃ- રૂ.૧૦,૦૦૦/-

લાંચની સ્વીકારેલ રકમઃ- રૂ.૧૦,૦૦૦/-

લાંચની રીકવર કરેલ રકમઃ- રૂ.૧૦,૦૦૦/-

ટ્રેપનું સ્થળઃ

તત્કાલ રેલ્વે ટીકીટ કાઉન્ટર બહાર, રેલ્વે સ્ટેશન કમ્પાઉન્ડમાં, રાજકોટ

આ કામના ફરીયાદીના ભાઈને આક્ષેપીતે ત્રણેક માસ અગાઉ મોબાઈલ ચોરીના કેસમાં પકડેલ તે સમયે આક્ષેપીતે ફરીયાદીને તેના ભાઈને હેરાનગતી નહી કરવા માટે ચાર્જશીટ સાથે રજુ કરતી વખતે રૂ.૧૦,૦૦૦/- વહીવટ પેટે લાંચ લઈને આવવા સારું જણાવેલ.જે ગેરકાયદેસર લાંચના નાણાં આ કામના ફરિયાદી આપવા માંગતા ન હોય, જે ફરિયાદીની ફરિયાદના આધારે ગોઠવેલ લાંચના છટકા દરમિયાન આ કામના આક્ષેપીતે તત્કાલ રેલ્વે ટીકીટ કાઉન્ટર બહાર, રાજકોટ રેલ્વે સ્ટેશન કમ્પાઉન્ડમાં ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, ગેરકાયદેસર લાંચની રકમ રૂ.૧૦,૦૦૦/- ફરીયાદી પાસે માંગી, સ્વીકારી પોતાના રાજયસેવક તરીકેના હોદાનો દુરપયોગ કરી ઝડપાઈ જઈ ગુનો કર્યો હતો.ટ્રેપીંગ અધિકારી :

આર.એન.વિરાણી,

પોલીસ ઈન્સ્પેકટર,

લાંચ તેમજ આરોપીને હેરાનગતિ નહી કરવાને લઈ રૂપિયા ૧૦ હજારની લાંચ માંગવામાં આવી

એ.સી.બી. જામનગર તથા એ.સી.બી. સ્ટાફ

અધિકારીઓ સામે લેવાયા પગલા

ગુજરાતમાં અધિકારીઓ લાંચ લઈ મોટા ફાર્મ હાઉસ,સોના અને વિવિધ મિલકતોમાં રોકાણ કરતા હોય છે,ગુજરાતમાં સાગઠિયા જેવા ઘણા અધિકારીઓ એવા હશે કે જેની પાસે અઢળક મિલકતો હતો, આવા અધિકારીઓ સામે આવક કરતાં વધુ સંપત્તિનો કેસ દાખલ થયા પછી મિલકતો જપ્ત કરવા કોર્ટ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.કેસ દાખલ થયા પછી સરકાર અપ્રમાણસરની મિલકતો જપ્ત કરી શકશે. આ ઉપરાંત જામીન માટે પણ આકરા નિયમો ઘડવામાં આવી શકે છે.ઘણા કિસ્સાઓ એવા પણ બન્યા છે જેમાં અધિકારીઓને જેલ થયા પછી જામીન મળી જતા હોય છે,ઘણા અધિકારીઓ એવા પણ છે કે જેઓ બીજાના નામે સંપતિ લેતા હોય છે ત્યારે આવા અધિકારીઓએ પણ સચેત થવું જરૂરી છે,ગુજરાતમાં ઘણા અધિકારીઓ એવા છે કે જે સામન્ય નાગરિક પાસે પણ લાંચ લેવામાં અટકાતા નથી,તો ઘણા અધિકારીઓ એવા છે કે જે સરકાર પગાર આપે તેમાં જ તેમનું ગુજરાન ચલાવતા હોય છે.

ગુજરાતમા એસીબી વિભાગ લાંચને લઈ સતર્ક છે,જો તમારી પાસે કોઈ અધિકારી કામ કરાવવાને લઈ લાંચ માંગે તો તમે એસીબીનો સંપર્ક કરી શકો છે ૧૦૬૪ આ નંબર એસીબીનો ટોલ ફ્રી નંબર છે જેમાં તમે અધિકારીનું નામ અને જે જગ્યાએ ફરજ બજાવતા હોય તેની વિગત આપી શકો છો ત્યારબાદ એસીબી તમારો સંપર્ક કરશે અને ટ્રેપ સફળ બનાવી શકે છે.

ધોરણ-૯ અને ૧૧ની નવી સ્કૂલો શરૂ કરવા ૩૧મી સુધી અરજી કરી શકાશે

અમદાવાદ,તા.૨૧

રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષથી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની ખાનગી સ્કૂલો શરૂ કરવા ઓનલાઈન અરજી કરવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. ૨૦ ડિસેમ્બરથી શરૂ થયેલી આ કાર્યવાહીમાં ૧૯ જાન્યુઆરી સુધીની મુદત અપાઈ હતી. જોકે, હવે શિક્ષણ બોર્ડ દ્વારા ૩૧ જાન્યુઆરી સુધીની મુદત વધારવામાં આવી હોવાનું જાણવા મળે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે નવી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ૨૦ ડિસેમ્બરથી ઓનલાઈન અરજી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સંસ્થાઓ ૧૯ જાન્યુઆરી સુધી જરૂરી આધાર પુરાવા સાથે ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરાઈ હતી. આમ, સંસ્થાઓને નવી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની સ્કૂલો શરૂ કરવા માટે ૩૨ દિવસનો સમય અપાયો હતો. દરમિયાન, સંચાલક મંડળ દ્વારા નવી સ્કૂલો શરૂ કરવા માટે સંસ્થાઓને આપવામાં આવતા દિવસોમાં વધારો કરવા રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં સંચાલક મંડળે વધુ પંદર દિવસની મુદત લંબાવવામાં આવે તો અનેક સંસ્થાઓ જે પુરતા ડોક્યુમેન્ટ એકત્ર કરી શકી ન હોવાથી અરજી કરી શકી ન હોવાથી તેમને તક મળે તે માટે માગણી કરાઈ હતી. આથી શિક્ષણ બોર્ડે ૩૧ જાન્યુઆરી સુધી મુદતમાં વધારો કર્યો છે.

રાજકોટમાં અલગ અલગ વિસ્તારમાં મદદ કરવાના બહાને ઠંડા પીણા તેમજ ચામાં ઘેનની દવા ભેળવી લૂંટી લેવાની ઘટના સામે આવી

રાજકોટ, તા.૨૧

પોલીસે આરોપીની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે જો તમે અજાણ્યા શખ્સો પર વિશ્વાસ વધુ કરતા હોય તો ચેતી જજો. રાજકોટમાં અલગ અલગ વિસ્તારમાં મદદ કરવાના બહાને ઠંડા પીણા તેમજ ચામાં ઘેનની દવા ભેળવી લૂંટી લેવાની ઘટના સામે આવી છે. વૃધ્ધ મહિલાઓને ઘેનની દવા પીવડાવી બેભાન કરી લૂંટ ચલાવી નાસી છૂટતી બંટી-બબલીને તાલુકા પોલીસે દબોચી લઈ ચાર ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. રાજકોટના મવડી કણકોટ રોડ પર લાલુભાઈ ટાઉનશીપમાં રહેતા ૬૨ વર્ષના પુષ્પાબેન નકુમે તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા. ૧૪ના રોજ મવડી પાળ રોડ પર આવેલ રામધણ આશ્રમ દર્શન કરવા ગયેલ હતા. જયાં તેઓને દવાખાને જવું હોય જેથી સાવન ચોક પાસે પહોંચતા એક અજાણ્યા બહેન અને ભાઈ આવેલ અને કહેલ કે અમારે પણ દવાખાને જવું છે. ચાલો તમને સરકારી દવાખાને લઈ જવું બાદમાં અજાણી મહિલાએ ઘેની ચા પીવડાવેલ જેથી તેઓ અર્ધબેભાન અવસ્થામાં પહોંચેલ હતા ત્યારે મહિલાએ બે ફડાકા ઝીંકી સોનાના દાગીનાની લૂંટ ચલાવી નાસી છુટયા હતા. બનાવ અંગેની ફરિયાદ પરથી તાલુકા પોલીસના સ્ટાફને મળેલ ચોકકસ બાતમીના આધારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર પાટીદાર ચોક પાસેથી લૂંટ ચલાવનાર એભા કમા વાઘેલા અને નાથીબેન એભા વાઘેલાને ઝડપી પાડી સઘન પુછતાછ હાથ ધરતા તેને અગાઉ માધાપરના નાથીબેન પરમાર નામના ૬૩ વર્ષીય વૃધ્ધાને પદાર્થ ભેળવી લચ્છી પાઈ લૂંટ ચલાવી હોવાનું પણ કબુલ્યું હતું.

તેમજ તિલક પ્લોટમાં રહેતા જાનાબેન ખીમસુરીયા નામ ૬૫ વર્ષીય વૃધ્ધાને પણ સરબતમાં કેફી પદાર્થ ભેળવી લૂંટી લીધા હતા. તેમજ ગાંધીગ્રામ પોલીસ મથકમાં પણ નોંધાયેલ લૂંટના બનાવનો પણ ભેદ ઉકેલાયો હતો. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે. હ્રૂઁ જગદીશ બાંગરવાએ કહ્યું હતુ કે, આરોપીઓ વૃદ્ધ મહિલાઓને જ પોતાનો ટાર્ગેટ બનાવતા હતા. મોડેશ ઓપરેન્ડી એવી હતી કે, બંટી ઔર બબલી ઘેનની દવાઓ મેડીકલમાંથી ખરીદી તેનો ભૂકકો કરી સાથે રાખતા હતા. અશક્ત મહિલા રોડ પર ભેગી થાય તો તેને મદદના બહાને કોઈ પણ પીણામાં ભેળવી વૃધ્ધ મહિલાઓને ટાર્ગેટ કરી તેઓને ઘેની પીણુ પીવડાવી લૂંટ ચલાવવાની લેતા હતા.

સુપ્રસિદ્ધ ડાકોર મંદિર આવ્યું ફરી એકવાર વિવાદોમાં

યાત્રાધામ ડાકોર મંદિરના સેવકે મેનેજર સામે બાંયો ચડાવી

મંદિરના સેવકે મંદિરના મેનેજર વિરુદ્ધ મુખ્યમંત્રી, યાત્રાધામ વિકાસ બોર્ડ, ડીજીપી, ખેડા કલેકટર સહિત અનેક જગ્યાએ અરજી કરી છે

ડાકોર,તા.૨૧

ડાકોર મંદિર ફરી એકવાર વિવાદોમાં આવ્યું છે. મંદિરના સેવક વિનોદભાઈએ ટેમ્પલ કમિટીના મેનેજર જેપી દવે ઉપર ગંભીર આક્ષેપો લગાવ્યા છે. ટેમ્પલ કમિટીના મેનેજર નિવૃત્ત મામલતદાર છે, હાલના મેનેજર જે પી દવેને મેનેજર પદેથી દૂર કરવા માટે મંદિરના સેવક વિનોદભાઈએ અરજી કરી છે. મેનેજર પદ પરથી જો દૂર કરવામાં નહીં આવે તો આમરણાંત ઉપવાસની આપી વિનોદ સેવકે ચીમકી ઉચ્ચારી છે. ટેમ્પલ કમિટીના મેનેજર એ મામલતદારના કાર્યકાળ દરમિયાન ભ્રષ્ટાચાર કર્યા તેવી અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અવારનવાર વિભાગમાં આવતા મેનેજર જે પી દવે મકરસંક્રાંતિના પર્વ પર ફરી એક વખત વિવાદમાં આવ્યા છે.

વર્ષોથી મકરસંક્રાંતિના દિવસે વાછરડા સાથે પાંચ ગાયો બ્રાહ્મણને દાનમાં અપાતી હતી, જોકે મકરસંક્રાંતિના પર્વ પર પરંપરા મુજબ ગાયોનું દાન નથી કરાયું. વર્ષો થી પરંપરા મુજબ વાછરડા સાથે ગાયો મંદિર તરફથી ગરીબ બ્રાહ્મણને દાનમાં અપાતી હતી, તો બીજી તરફ મકરસંક્રાંતિના પર્વ ઉપર પરંપરા મુજબ ગૌશાળામાં રહેલી તમામ ગાયોને કંસાર ખવડાવવામાં આવતો હતો. ગાયોને કંસાર નહીં ખવડાવી મેનેજર જે પી દવે એ મંદિરની પરંપરા તોડી હોવાનો અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તો સેવકની અરજીમાં ટ્રસ્ટી ભરતભાઈ ખંભોળજા અને અરુણભાઈ મહેતા મેનેજર ને છાવરતા હોવાની રજૂઆત કરી છે. આવનારી ૨૭ જાન્યુઆરી સુધી જો મેનેજર પદો પરથી જેપી દવેને નહીં ઉતારવામાં આવે તો મંદિરના દરવાજા બહાર જ વિનોદભાઈ સેવક આમરણાંત ઉપવાસની ચિમકી ઉચ્ચારી છે.

રાજ્યના તમામ પોલીસ મથકમાં મહિલાઓ-બાળકો તથા વરિષ્ઠ નાગરિકો માટે શરૂ થશે ‘સાંત્વના કેન્દ્ર’

ગાંધીનગર,તા.૨૧

રાજ્યની મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે એક નવી પહેલ સાથે રાજ્યના પોલીસવડા વિકાસ સહાયે દરેક પોલીસ સ્ટેશનમાં ‘સાંત્વના કેન્દ્ર’ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ફેબ્રુઆરીથી વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને **PSBSS** (પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર) જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે સાંત્વના કેન્દ્રમાં ઉપલબ્ધ બનશે. ‘સાંત્વના કેન્દ્ર’ એક એવું સ્થળ હશે, જ્યાં પોલીસ સ્ટેશનમાં આવતાં તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે. તેમની મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે. આ કેન્દ્રોમાં વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને **PSBSS** આ ચારેય વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવશે. વર્તમાનમાં કાર્યરત આ ચારેય વ્યવસ્થા એકબીજા સાથે સંકલનમાં રહીને કામગીરી કરે એ હેતુથી રાજ્યનાં દરેક પોલીસ સ્ટેશનમાં ‘સાંત્વના કેન્દ્ર’ શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ સ્ટેશનોમાં આ ચાર સેવા એક જ છત નીચે ‘સાંત્વના કેન્દ્ર’માં ઉપલબ્ધ બનશે જેમાં વુમન હેલ્પ ડેસ્કઃ વુમન હેલ્પ ડેસ્ક પોલીસ સ્ટેશનમાં આવતી મહિલાઓને મદદરૂપ થવા તેમજ કાઉન્સેલિંગ કરવાની કામગીરી કરતી હોય છે. ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર પોલીસ સ્ટેશનમાં આવતા કાયદાના સંઘર્ષમાં આવેલાં બાળકોનું કાઉન્સેલિંગ કરતા હોય છે. ૧૮૧-અભયમઃ ૧૮૧-અભયમની વ્યવસ્થાના માધ્યમથી મહિલાઓની સલામતી અને સુરક્ષા અંગેની કામગીરી થાય છે. **PSBSS** (પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર): પીડિત મહિલા તથા સામાવાળા પક્ષના સભ્યોનું કાઉન્સેલિંગ કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કામગીરી કરે છે.‘સાંત્વના કેન્દ્ર’ના મુખ્ય ઉદ્દેશોમાં પોલીસ સ્ટેશનમાં આવતાં તમામ બાળકો, મહિલાઓ અને સિનિયર સિટિઝનને યોગ્ય રીતે, સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવાં તથા તેમની મુશ્કેલીઓને સાંભળી યોગ્ય કાયદાકીય માર્ગદર્શન આપવું અને જ્યાં જરૂર જણાય ત્યાં યોગ્ય કાઉન્સેલિંગ કરવું. પોલીસ સ્ટેશનોમાં જ્યારે બાળકો, મહિલાઓ અને સિનિયર સિટિઝનો આવે ત્યારે તેમને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને જે કામ માટે તેઓ પોલીસ સ્ટેશનમાં આવ્યાં હોય એ કામ ત્વરિત પૂર્ણ થાય એ અંગે કાર્યવાહી કરવી. આ કેન્દ્રની કામગીરી ઉપર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર અંગત ધ્યાન આપી સૂચવવામાં આવેલી કામગીરી તેઓ યોગ્ય રીતે કરે એ સુનિશ્ચિત કરવા રાજ્યના પોલીસવડાએ સૂચનાઓ આપી છે. એ ઉપરાંત દરેક પોલીસ સ્ટેશનમાં સાંત્વના કેન્દ્ર યોગ્ય રીતે કાર્યવાહી કરે છે કે કેમ? એ બાબતે સંબંધિત **SDPO/ACP** અધિકારીએ સુપરવિઝન રાખવા પણ સૂચના અપાઈ છે. તેવી જ રીતે કમિશનરેટ વિસ્તારમાં જે-તે ઝોન વિસ્તારના નાયબ પોલીસ કમિશનર તેમજ જિલ્લાકક્ષાએ પોલીસ અધીક્ષકે આ કામગીરી ઉપર યોગ્ય સુપરવિઝન અને મોનિટરિંગ રાખવા આદેશ અપાયા છે.

ભારત મહાન નૌકા શક્તિ તરીકે ઉભરી રહ્યું છે : પીએમ મોદી

મુંબઈ, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, બે ભારતીય બનાવટના યુદ્ધ જહાજો અને એક સબમરીનનું પ્રક્ષેપણ આત્મનિર્ભરતા તરફની શોધ માટે મહત્ત્વપૂર્ણ છે અને તે દેશના પ્રાદેશિક હરીફો સામે સંરક્ષણને મજબૂત બનાવે છે. નવી દિલ્હી સોવિયેત યુગના શસ્ત્રોને અપગ્રેડ કરવા અને ભારતમાં ઘણા લોકો પડોશી ચીન તરફથી વધતા ખતરા તરીકે જુએ છે તેનો જવાબ આપવા માટે દેશ સશસ્ત્ર દળોનો વિસ્તાર કરી રહ્યું છે. મોદીએ કહ્યું કે, ભારત હવે વિશ્વની એક મોટી દરિયાઈ શક્તિ બની રહ્યું છે. મોદીએ મુંબઈમાં ફ્રિગેટ, ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર અને સબમરીન માટે ટ્રિપલ કમિશનિંગ સમારોહમાં ભાષણમાં કહ્યું કે, ત્રણ ફ્રન્ટલાઈન નૌકાદળ લડવૈયાઓનું કમિશનિંગ સંરક્ષણમાં વૈશ્વિક નેતા બનવા તરફના આપણા પ્રયાસોને મજબૂત બનાવશે અને આત્મનિર્ભરતા તરફના આપણા પ્રયાસને વેગ આપશે.

ભારતે તેના નૌકાદળના કાફલાને ઝડપથી વિસ્તૃત કરવા માટે ઝડપ કરી છે, દેશમાં જહાજો બનાવવા માટે પ્રયાસો શરૂ કર્યા છે, આગામી દાયકામાં યુદ્ધ જહાજો અને સબમરીનની સંખ્યા લગભગ ૧૫૦થી ૧૭૦ સુધી વધારવાની યોજના છે. આ સદી માટે નૌકાદળને તૈયાર કરવા માટે અમે એક મોટું પગલું ભરી રહ્યા છીએ. વિશ્વના બે સૌથી વધુ વસ્તી ધરાવતા રાષ્ટ્રો, ભારત અને ચીન, સમગ્ર દક્ષિણ એશિયામાં વ્યૂહાત્મક પ્રભાવ માટે સ્પર્ધા કરી રહ્યા છે. રક્ષા મંત્રાલયના જણાવ્યા અનુસાર ૨૦૨૪માં ભારતે સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન ઉપર લગભગ ૧૫ અબજ ડૉલરનો સર્વકાલીન ખર્ચ કર્યો, જે પાછલા વર્ષ કરતા લગભગ ૧૭ ટકા વધુ છે. પરંતુ નવી દિલ્હી વિશ્વના સૌથી મોટા શસ્ત્ર આયાતકારોમાંનું એક છે અને મોદીની હિન્દુરાષ્ટ્રવાદી સરકારે દાયકાઓથી તેના મુખ્ય લશ્કરી હાર્ડવેર સપ્લાયર રશિયા ઉપર નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કર્યો છે.

નવી દિલ્હીએ યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયેલ અને સ્પેન સહિતના દેશો સાથે મોટા શસ્ત્ર ખરીદી સોદાઓ ઉપર હસ્તાક્ષર કર્યા છે અને ભારત આધારિત સંરક્ષણ ઉત્પાદન સાહસોને મંજૂરી આપી છે. ભારત ફ્રેન્ચ-નિર્મિત રાફેલ ફાઈટર જેટ અને સ્કોર્પિન-ક્લાસ સબમરીન ખરીદવા માટે કરોડો ડૉલરના સોદા માટે પેરિસ સાથે પણ વાટાઘાટો કરી રહ્યું છે. ડીઝલ-સંચાલિત સબમરીન **INS** વાઘશીરના કમાન્ડર વિનીત શર્માએ જણાવ્યું હતું કે, ટ્રિપલ કમિશન ભારતની જહાજ-નિર્માણ ક્ષમતાઓ અને જહાજો ચલાવવાની તેની નૌકાદળની ક્ષમતા ભારતને એક દરિયાઈ રાષ્ટ્ર બનાવે છે.દેશની લડાઈ ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવા માટે ભારતીય નૌકાદળે મોટે ભાગે સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરીને બનાવેલા ત્રણ લડાયક જહાજોને કાર્યરત કર્યા છે. પહેલીવાર ત્રણ યુદ્ધ જહાજોને એકસાથે કાર્યરત કરવામાં આવ્યા છે. નૌકાદળે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં **INS** નીલગિરી, **INS** સુરત અને **INS** વાઘશીરને કાર્યરત કર્યા છે. નીલગિરી પ્રોજેક્ટ **17A**ના સાત સ્ટીલ્થ ફ્રિગેટ્સમાંથી પ્રથમ છે, ત્યારે સુરત એક સ્ટીલ્થ મિસાઈલ ડિસ્ટ્રોયર છે જે ચાર પ્રોજેક્ટ **15B** યુદ્ધ જહાજોમાંથી એક છે અને વાઘશીર ફ્રેન્ચ સ્કોર્પિન ડિઝાઈન પર બનેલી છઠ્ઠી અને છેલ્લી સબમરીન છે. આ લડાયક જહાજોનું ઉત્પાદન મુંબઈ સ્થિત માઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. પત્રકારો સાથે વાત કરતા ત્રણેય યુદ્ધ જહાજોના કમાન્ડિંગ અધિકારીઓએ જણાવ્યું હતું કે, જહાજો ૭૫ ટકા સ્વદેશી સામગ્રી અને વૈશ્વિક ઉત્પાદકો સાથે કેટલાક સહયોગથી બનાવવામાં આવ્યા છે. **INS** નીલગિરીના કમાન્ડિંગ ઓફિસર કેપ્ટન નીતિન કપૂરે કહ્યું કે, આ રાષ્ટ્ર માટે એક ઐતિહાસિક ઘટના છે. આ એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે કારણ કે, ભારત પહેલીવાર ત્રણ યુદ્ધ જહાજોને એકસાથે કાર્યરત કરી રહ્યું છે. આ વાત વિશ્વભરના દેશો દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે. **INS** સુરતના કમાન્ડિંગ ઓફિસર કેપ્ટન સંદીપ શોરેએ કહ્યું કે, ભારતીય શિપયાર્ડ્સમાં લગભગ ૬૦ યુદ્ધ જહાજો બનાવવામાં આવી રહ્યા છે, જે દર્શાવે છે કે, નૌકાદળ સ્વદેશીકરણ પર ભાર મૂકે છે.

નીલગિરીની અનોખી સુવિધાઓ :

નીલગિરી પ્રોજેક્ટ ૧૭૭ હેઠળ નૌકાદળના સાત નવા સ્ટીલ્થ ફ્રિગેટ્સનું મુખ્ય જહાજ છે. તેને શિવાલિક-ક્લાસ ફ્રિગેટ્સ કરતાં મોટી પ્રગતિ માનવામાં આવે છે અને તેમાં બંધ મૂરિંગ ડેક, લો ઈન્ફ્રારેડ સિગ્નેચર, ક્રૂ અને સામગ્રીની સલામત હિલચાલ માટે ડેક રેલ સિસ્ટમનો સમાવેશ થાય છે. કપૂરે કહ્યું કે, અન્ય જહાજોમાં તમને ફોક્સલ ઉપર ઘણી બધી ફિટિંગ જોવા મળશે, જેમ કે એન્કર, ચેઈન કેબલ વગેરે. પરંતુ અહીં તે એક સ્વચ્છ ડેક છે. બધું નીચે એક ડેક પર, મૂરિંગ ડેક ઉપર છે જે સંપૂર્ણપણે છૂપાયેલ છે. આનાથી જહાજનું વધુ સારૂં રડાર સપ્રેશન સુનિશ્ચિત થયું છે. નીલગિરીની ઈન્ફ્રા-રેડ સપ્રેશન સિસ્ટમ જહાજના પ્રોપલ્શન એક્ઝોસ્ટ અને પાવર જનરેશન મશીનરીમાંથી ઉત્સર્જન ઘટાડે છે, જેનાથી કોઈપણ રડાર જહાજને શોધી કાઢે તેવી શક્યતા ઓછી થાય છે. કમાન્ડિંગ ઓફિસરે એ પણ દર્શાવ્યું કે નીલગિરીની ડેક રેલ સિસ્ટમ કેવી રીતે કાર્ય કરે છે. ડેક પર કોઈપણ હિલચાલ માટે સલામતી હાર્નેસ સાથે ક્રૂ અને સામગ્રીને ડેક રેલ સાથે જોડી શકાય છે. નીલગિરીમાં સુપર રેપિડ ગન માઉન્ટ (અપગ્રેડેડ) સિસ્ટમ પણ છે, જેનો ઉપયોગ ભારતીય નૌકાદળમાં પહેલીવાર કરવામાં આવ્યો છે.

પ્લાસ્ટિક વેસ્ટ નિકાલના નિયમોના પાલન બાબતે તમામ મહાનગરપાલિકાની તપાસ કરી અહેવાલ રજૂ કરવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને હાઈકોર્ટનો આદેશ

HIGH COURT OF GUJARAT
सत्यमेव जयते

અમદાવાદ, તા.૨૧

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજયના તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ, મટીરીયલ રિકવરી ફેસીલિટી, પ્લાસ્ટિક વેસ્ટના રૂલ્સ અને નોર્મ્સનું પાલન થાય છે કે નહીં તે તમામ મુદ્દે વિગતવાર ડેટા સાથેનો રિપોર્ટ રજૂ કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને હુકમ કર્યો છે. હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અને નોર્મ્સનું પાલનના કરતા હોય તેવા કિસ્સામાં શિક્ષાત્મક કાર્યવાહી કરવા પણ જીપીસીબીને નિર્દેશ કર્યો છે. રાજયભરમાં પ્લાસ્ટિક વેસ્ટના રૂલ્સના ચુસ્તપણે પાલનને લઈ આકરૂં વલણ અપનાવ્યું હતું. જીપીસીબી તરફથી રાજયના આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલને કરાયેલા ઈન્સ્પેકશન અને મેળવાયેલા ડેટા સાથેનો રિપોર્ટ આજે હાઈકોર્ટમાં રજૂ કરાયો હતો. જેમાં ગાંધીનગર અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કિસ્સામાં ગંભીર ચૂક સામે આવી હોવાનું જણાવાયું હતું. ભાવનગર કોર્પોરેશનમાં પ્લાસ્ટિક વેસ્ટ સેગરેશનની કોઈ વ્યવસ્થા કે મશીનરી જ નહી હોવાનું સામે આવ્યું હતું. તો, ગાંધીનગરમાં ત્રણ પૈકીની બે સાઈટમાં વેસ્ટ રિકવરી ફેસીલિટી અને ડમ્પીંગ સાઈટ ઓપરેશનલ નહી હોવાનું સામે આવતાં હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી અને આવા કસૂરવારો વિરૂદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા જીપીસીબીને જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગિરનાર અને બેટ દ્વારકા પ્લાસ્ટિક અને ગંદકી મુકત કરી સ્વચ્છ બનાવવા મુદ્દે એડવોકેટ દ્વારા કરાયેલી જાહેરહિતની રિટ અરજીની સુનાવણી થઈ હતી તેમાં ઉપરોક્ત આદેશ કરાયો હતો. હવે આ કેસની સુનાવણી આગામી ૩૧ જાન્યુઆરીનાં રોજ રાખવામાં આવી હતી. દરમ્યાન ઓખા નગરપાલિકા દ્વારા હજુ સુધી કન્સ્ટ્રકશન ઓફ મટીરીયલ રિકવરી ફેસીલિટી પરિપૂર્ણ નહી કરાતાં તેમ જ સ્થાનિક પ્લાસ્ટિક વેસ્ટ સહિતનો જોખમી કચરો ખુલ્લામાં એક જગ્યાએ એકત્ર કરાઈ રહ્યો હોવાની વાત ધ્યાન ઉપર આવતાં ચીફ જસ્ટિસે ઓખા નગર પાલિકા સત્તાધીશોની ભારે આલોચના કરી હતી. હાઈકોર્ટ સમક્ષ રજૂ કરાયેલા કેટલાક ફોટોગ્રાફસને ધ્યાને લઈ હાઈકોર્ટે જણાવ્યું હતું કે, ફોટોગ્રાફસ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, બેટ દ્વારકા વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટ ખુલ્લામાં અને તે પણ દરિયાઈ જળ નજીક એકત્ર કરાઈ રહ્યો છે, જેના કારણે બેટ દ્વારકાના દરિયાઈ પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. આ બાબતને લઈ ઓખા નગરપાલિકાની ગંભીર નિષ્કાળજી સામે આવી છે અને એ વાત સ્પષ્ટ થાય છે કે, પ્લાસ્ટિક વેસ્ટ રૂલ્સના ચુસ્તર પાલનને લઈ અગાઉ હાઈકોર્ટે જે હુકમ કર્યા છે તેનો સરેઆમ ભંગ થયો છે. હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટ રૂલ્સના પાલન માટે અનેર કન્સ્ટ્રકશન ઓફ મટીરીયલ ફેસીલિટી પૂર્ણ કરવા બાબતે ઓખા ન.પા દ્વારા રોકવામાં આવેલ કોન્ટ્રાકટર નિષ્ઠાપૂર્વક કામ કરે છે કે નહી તે સહિતના મુદ્દે ખુલાસા સાથેનું વ્યકિતગત રીતે સોગંદનામું રજૂ કરવા ઓખા નગરપાલિકાના ચીફ ઓફિસરને હુકમ કર્યો હતો. કેસની વધુ સુનાવણી તા.૩૧મી જાન્યુઆરીએ મુકરર કરાઈ છે.

નવી મુંબઈ એરપોર્ટનું નામકરણ કરવા માટેની દરખાસ્ત કેન્દ્ર સરકાર ૨૦૨૨થી દબાવીને બેઠી છે : આદિત્ય ઠાકરેનો આક્ષેપ

મુંબઈ, તા.૨૧

શિવસેના ઉદ્ધવ ઠાકરેના નેતા આદિત્ય ઠાકરે નવી મુંબઈ એરપોર્ટનું વરિષ્ઠ સ્વર્ગીય નેતા ડી બી પાટીલના નામ ઉપરથી રાખવા અંગેની દરખાસ્તનો કેન્દ્ર સરકારે હજુ સુધી નિર્ણય લીધો નથી અને નામકરણને મંજૂરી આપી નથી એ બાબતે ભારે નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે નવી મુંબઈ એરપોર્ટનું કામ ફેબ્રુઆરી ૨૦૧૮માં શરૂ થયું હતું અને ૨૦૨૨માં મહા વિકાસ અઘાડીની સરકારે એરપોર્ટનું લોક નેતા સ્વર્ગીય ડીબી પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ એવું નામકરણ કરવાનો નિર્ણય લીધો હતો અને કેન્દ્રના નાગરિક ઉડ્ડયન મંત્રાલયને આ દરખાસ્તની જાણ કરવામાં આવી હતી પરંતુ કેન્દ્ર સરકારે હજી સુધી તેને મંજૂરી આપી નથી. વર્તમાન સ્થિતિ એ છે કે કેન્દ્રીય કેબિનેટ દ્વારા આ દરખાસ્ત વિશે નિર્ણય લેવાયો નથી અને હજુ પેન્ડિંગ છે. તેમણે એવો સવાલ કર્યો હતો કે આ પ્રકારે દરખાસ્તો પેન્ડિંગ રાખવાની ભાજપની કેન્દ્ર સરકારની આદત છે કે પછી આ મામલો મહારાષ્ટ્રને લગતો છે એટલે પેન્ડિંગ છે એ સવાલ છે. લાગે છે કે એ સરકાર મહારાષ્ટ્રનું અપમાન કરવા માંગે છે એટલે દરખાસ્ત પેન્ડિંગ રાખી હોઈ શકે છે. તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં અનેક વખત કેન્દ્રીય મંત્રાલયને લેખિતમાં યાદી આપવામાં આવી છે પણ દરખાસ્ત હજુ પેન્ડિંગ છે. તેમણે સિવિલ એવિએશન મંત્રી રામ મોહન નાયડુને તાત્કાલિક નામકરણની દરખાસ્ત મંજૂર કરવા માટે વિનંતી કરી હતી.

પાકિસ્તાનમાં ગ્લોબલ સમિટમાં છોકરીઓના શિક્ષણ માટે ઈસ્લામના સમર્થનની ખાતરી થઈ

લાહોર તા.૨૧

મુસ્લિમ વર્લ્ડ લીગ **(MWL)**ના જનરલ સેક્રેટરી ડૉ. મોહમ્મદ અલ- ઈસાએ તાજેતરમાં પાકિસ્તાનમાં આયોજિત એક ઐતિહાસિક સંમેલનમાં જણાવ્યું કે ઈસ્લામ છોકરીઓના શિક્ષણ ઉપર કોઈ પ્રતિબંધ લાદતો નથી. વડાપ્રધાન શેહબાઝ શરીફના આશ્રય હેઠળ પાકિસ્તાન અને **MWL** દ્વારા સંયુકત રીતે આયોજિત બે દિવસીય ઈવેન્ટ, મુસ્લિમ સમુદાયોમાં કન્યા શિક્ષણમાં પડકારો અને તકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. અલ-ઈસાએ જણાવ્યું કે, ‘અમારા ઈસ્લામિક ધર્મે હંમેશા દરેક મુસ્લિમ, સ્ત્રી અને પુરૂષ બંનેના શિક્ષણની ઉજવણી કરી છે, કારણ કે ઈસ્લામનો સંદેશ દરેકને શિક્ષિત કરવાનો છે, લિંગને ધ્યાનમાં લીધા વિના,’ તેમણે ભારપૂર્વક જણાવ્યું કે છોકરીઓના શિક્ષણનો કોઈ વિરોધ છે બિન-ઈસ્લામિક રિવાજોમાંથી તેમણે ઈસ્લામના ઐતિહાસિક વારસા ઉપર પ્રકાશ પાડ્યો જેમાં મહિલાઓએ ધાર્મિક, વૈજ્ઞાનિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રોમાં સક્રિય યોગદાન આપ્યું છે. સમિટ, ૪૪ દેશોના ૧૫૦થી વધુ મહાનુભાવોએ હાજરી આપી, કન્યા શિક્ષણ ઉપર ઈસ્લામાબાદ ઘોષણા ઉપર હસ્તાક્ષર સાથે સમાપ્ત થયું, જે અશરક અલ-અવસતે જણાવ્યું કે ‘મક્કા અને ઈસ્લામિક વિચારધારાઓ અને સંપ્રદાયો વચ્ચે સેતુ બનાવવાનું ચાર્ટર’ હતું. આ દસ્તાવેજ મહિલા શિક્ષણ માટે ઈસ્લામના સ્પષ્ટ સમર્થનને પુનઃપુષ્ટ કરે છે અને આ ઉદ્દેશ્યને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય દિવસની સ્થાપના માટે પણ કહે છે. વડાપ્રધાન શરીફે **MWL**ની પહેલની પ્રશંસા કરી, છોકરીઓ માટે શિક્ષણની સમાન પહોંચને ‘આપણા સમયના સૌથી મોટા પડકારોમાંનો એક’ ગણાવ્યો હેશટેગ **#GirlsEducation Matters** પહેલ પણ શરૂ કરી અને મહિલા સશકિતકરણને આગળ વધારવા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે ભાગીદારી કરી. નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફઝાઈ પણ હાજરીમાં હતી અને મુસ્લિમ નેતાઓને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ, ખાસ કરીને અફઘાનિસ્તાનમાં લિંગ ભેદભાવને અપરાધ તરીકે વર્ગીકૃત કરવાના પ્રયાસોને સમર્થન આપવા માંગ કરી છે. ‘મુસ્લિમ અવાજોએ તાલિબાની દમનકારી કાયદા સામે આગળ આવવું જોઈએ.

શું ૨૦૧૯ પછી જમ્મુ અને કાશ્મીરનો ખરેખર વિકાસ થયો છે ખરો ? ડેટા તો કંઈક અલગ સ્થિતિ સૂચવે છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એવો દાવો કર્યો છે કે કેન્દ્રશાસિત પ્રદેશના મુશ્કેલીના દિવસો હવે પાછળ રહી ગયા છે અને એ વધુ સમૃદ્ધ બને એવી શુભેચ્છા આપું છું



નવી દિલ્હી, તા.૨૧

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્ય કાશ્મીરમાં એક ખૂબ જ મહત્વપૂર્ણ અને વ્યુહાત્મક એવી ટનલનું દેશને લોકાર્પણ કર્યું છે જે શ્રીનગર લેહ હાઈવે પર ૬.૪ કિલોમીટર લાંબી સોનમર્ગ ટનલ છે જે લદ્દાખ પ્રદેશમાં રાત દિવસના વાહન વ્યવહાર અને અવરજવર માટે મહત્વની સુવિધા બની રહેશે. મોદીએ ૨૦૨૫ના પહેલા બે સપ્તાહમાં આ દેશને બે મહત્વના પાયાની સુવિધા ધરાવતા પ્રોજેક્ટની ભેટ આપી છે. કાશ્મીરનો ખાસ દરજ્જો અને તેનું રાજ્ય તરીકેનું સ્થાન પાછું ખેંચી લેવાયો તેનો આડકતરો ઉલ્લેખ કરતા વડાપ્રધાને લોકાર્પણ સમયે જણાવ્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશ પૃથ્વી ઉપરના સ્વર્ગ તરીકેની તેની ઓળખ પાછી મેળવી રહ્યો છે અને તેના ખરાબ દિવસો હવે પાછળ રહી ગયા છે. જમ્મુ અને કાશ્મીર ભારતનો મુગટ છે અને આ મુગટ વધુ સુંદર અને વધુ સમૃદ્ધ બને એવી મારી ઈચ્છા છે અને શુભેચ્છા છે. આ બધા પ્રોજેક્ટ આવ્યા છતાં જમવું અને કાશ્મીરના અર્થતંત્રના ભિન્નભિન્ન માપદંડ અને વિકાસના ઈન્ડેક્સનો અભ્યાસ અને ડેટા સૂચવે છે કે ભૂતકાળમાં રાજ્ય તરીકે તેનો વધુ સારો આર્થિક અને સામાજિક વિકાસ અન્ય ભારતીય રાજ્યોની જેમ થયો છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારના સમયમાં કાશ્મીરના બંધારણીય દરજ્જામાં પાયાના ફેરફારો કરવામાં આવ્યા હોવાથી તેની સમૃદ્ધિ અને વિકાસમાં ઓટ આવી ગઈ હોય એ સંભવ છે. ઓછી વસ્તી હોવાથી જમ્મુ અને કાશ્મીરનું દેશની જીડીપીમાં યોગદાન માત્ર ૦.૮% છે. અગાઉ સંપૂર્ણ રાજ્ય તરીકે કાશ્મીરનો સામાજિક આર્થિક અને માનવીય વિકાસનો માપદંડ અત્યાર કરતા ખૂબ જ સારો રહ્યો છે અને દેશના બાકીના ભાગ કરતાં પણ એ સમયે સારો રહ્યો છે. નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશનનો ગરીબી અંગેનો એક અહેવાલ જણાવે છે કે ૨૦૧૧-૧૨માં ગરીબોની વસ્તીનું પ્રમાણ ૨૨% જેવું નોંધાયું છે તો બીજી તરફ જમ્મુ અને કાશ્મીરમાં દેશની જે કુલ ટકાવારી છે. ગરીબીને તેનાથી અડધી ટકાવારી જેટલી ગરીબી છે એટલે કે ૧૦.૩% વસ્તી ગરીબ છે. માનવ વિકાસ ઈન્ડેક્સ અને સૂચક આંકમાં જમ્મુ અને કાશ્મીરનો હિસ્સો કેટલો છે એ જોઈએ તો ૨૦૦૯થી ૨૦૧૬ની વચ્ચેનું ઉદાહરણ આપીએ તો જમવું અને કાશ્મીરમાં સ્ત્રીઓ અને પુરૂષોનું સરેરાશ આયુષ્ય વહીર મર્યાદા રાષ્ટ્રીય સરેરાશથી પણ ઉપર રહ્યા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ રાજ્યનો સાક્ષરતા દર ૬૭ ટકા રહ્યો છે જે રાષ્ટ્રીય સાક્ષરતા દર ૭૩%થી થોડો ઓછો છે. કન્યા જન્મદરમાં પણ જમ્મુ અને કાશ્મીરનો દેખાવ દેશના બાકીના ભાગ કરતા સારો રહ્યો છે. ભારતમાં દર ૧૦૦૦ નવજાત શિશુમાં ૯૨૯ જેટલી બાળાઓ જન્મી હોય છે. આ રાષ્ટ્રીય સરેરાશ છે જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં દરેક હજાર નવજાત શિશુઓમાંથી કન્યાઓના જન્મનો દર ૯૭૬ રહ્યો છે. આ આંકડા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે દરમ્યાન જાહેર કરવામાં આવ્યા હતા. પાંચ વર્ષથી ઓછી વયના બાળકોના મૃત્યુદરના પ્રમાણમાં દેશ કરતા અહીં ઘટાડો છે. રાષ્ટ્રીય સરેરાશ મુજબ દરેક હજાર નવા જન્મતા બાળકોમાંથી ૪૨% બાળકો પાંચમો જન્મદિવસ જોતા નથી એ રાષ્ટ્રીય સરેરાશ છે જ્યારે કાશ્મીરમાં આ સંખ્યા દરેક હજાર નવા જનતા બાળકો દીઠ માત્ર ૧૮.૫ બાળકોની છે.

બેફામ બેરોજગારી :

વડાપ્રધાન મોદીએ વધુને વધુ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થાપવાના સરકારના પ્રયાસો હોવાની ખાતરી આપી હતી અને કહ્યું હતું કે તેનાથી આ પ્રદેશના યુવાનોને નવી તકો પ્રાપ્ત થશે. રોજગારી અંગેનો સત્તાવાર ડેટા એવું સૂચવે છે કે જમ્મુ અને કાશ્મીરમાં બેરોજગારીનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે અને ૨૦૧૯થી તો પરિસ્થિતિ ખૂબ જ ખરાબ બની છે એ વર્ષે જ કેન્દ્ર સરકારે જમવું અને કાશ્મીરનો રાજય સરકારનો દરજ્જો પાછો લઈને તેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવી દીધો હતો ત્યારથી જ બેરોજગારી ભડકી ઊઠી છે. ૨૦૧૯થી ૨૦૨૪ સુધી કાશ્મીર રાજ્યનું બેરોજગારીનો દર રાષ્ટ્રીય સરેરાશથી પણ ઊંચો રહ્યો છે. ૧૫થી ૨૯ વર્ષની વચ્ચેના વયના યુવાનોનો બેરોજગારીનો દર ૨૦૧૯ પહેલા રાષ્ટ્રીય સરેરાશથી પણ ઓછો રહ્યો હતો પણ ૨૦૧૯ પછી આ વય જૂથના યુવાનોમાં પણ બેકારીનો દર સતત ઊંચો રહ્યો છે. કોવિડ મહામારી કાળમાં વધી ગયેલો રાષ્ટ્રીય બેરોજગારી દરનો આંકડો ૪.૮%થી ઘટીને ૨૦૨૩-૨૪ સુધીમાં ૩.૨% થઈ ગયો હતો પરંતુ જમ્મુ અને કાશ્મીરનો બેરોજગારીનો દર બિલકુલ ઘટ્યો જ નથી જે ૨૦૧૯થી ૨૦માં ૬.૭ ટકા હતો તો ૨૦૨૩-૨૪માં ૬.૧% રહ્યો છે એટલે કોઈ ખાસ ઘટાડો બેકારીમાં થયો નથી. જમ્મુ અને કાશ્મીરમાં બેરોજગારીનું ચિંતાજનક પ્રમાણ ચારે તરફ નજરે પડે છે તેનો એક જ પુરાવો બસ છે જ્યારે જમવું અને કાશ્મીરમાં પોલીસ કોન્સ્ટેબલની ૪૦૦૨ જેટલી ખાલી જગ્યાઓ માટે લેખિત પરીક્ષા હતી તો તેમાં ૫:૩૦ લાખ ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા. જે બેહદ બેકારીનું ચોકાવી દેનારૂ ઉદાહરણ છે.

નાણાકીય ફંડ માટે પણ ફાંફાં

આ તો બેકારીની વાત થઈ પણ સરકારી ધોરણે નાણાકીય સહાય કે ફંડ મેળવવામાં પણ સરકાર સંઘર્ષ કરતી રહી છે. ૨૦૨૪ તથા ૨૫ના કેન્દ્રશાસિત પ્રદેશના બજેટમાં રાજ્ય ઉપરનો કુલ બોજો રૂપિયા ૧.૧૨ લાખ કરોડ જેટલો હોવાનું દર્શાવ્યું હતું. ૨૦૧૯થી ૨૦ના બજેટમાં આ બોજો રૂપિયા ૮૩૫૭૩ કરોડ જેટલો હતો એટલે કરજનો બોજો બેહદ વધી રહ્યો છે. જે તેના જીડીપીના ૫૧ ટકા જેટલો છે.

ઈસ્કોન માયાપુરના બિમાર હાથીઓને વનતારામાં મળશે આજીવન કાળજી અને નિભાવ

એક હાથીએ તેના મહાવત ઉપર જીવલેણ હુમલો કરવાની કરૂણાંતિકાને પગલે બંને સંસ્થાઓ વચ્ચે નવી ભાગીદારી સધાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૨૧

દીર્ઘદૃષ્ટા પરોપકારી અનંત અંબાણીએ સ્થાપેલી અત્યાધુનિક એનિમલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સંસ્થા, વનતારા બે માદા હાથી, ૧૮ વર્ષની વિષ્ણુપ્રિયા અને ૨૬ વર્ષની લક્ષ્મીપ્રિયાનું સ્વાગત કરવા સજ્જ થઈ રહી છે. આ બંને હાથણીને કોલકાતા પાસેના માયાપુર સ્થિત ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ (ઈસ્કોન)માંથી લાવવામાં આવી રહી છે. ગત એપ્રિલમાં વિષ્ણુપ્રિયાએ અત્યંત આક્રમક સ્વરૂપ ધારણ કરીને તેના મહાવત પર જીવલેણ હુમલો કરવાની કરૂણ ઘટનાને પગલે આ બંને હાથણીને વનતારામાં ખસેડવામાં આવી રહી છે. આ કરૂણાંતિકા બાદ બંને હાથણીને વિશેષજ્ઞની કાળજી તેમજ તેમની સુખાકારી માટે વધુ અનુકૂળ વાતાવરણમાં ખસેડવાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો.

ઈસ્કોન સાથેની ભાગીદારીમાં વનતારા દ્વારા હાથ ધરાયેલી આ ટ્રાન્સફર પ્રોજેક્ટની પહેલને ત્રિપુરા હાઈકોર્ટ દ્વારા રચાયેલી હાઈ-પાવર્ડ કમિટી તરફથી સંપૂર્ણ અનુમતિ અપાઈ હતી, જેનું ભારતની સર્વોચ્ચ અદાલતે પણ અનુમોદન કર્યું હતું, જેને તણાવગ્રસ્ત વન્ય પ્રાણીઓને રેસ્ક્યુ કરવા તથા તેમના માટે સુરક્ષિત, તણાવ-મુક્ત વાતાવરણ સુનિશ્ચિત કરવાની જવાબદારી સોંપાઈ છે. વનતારા ખાતે, વિષ્ણુપ્રિયા તથા લક્ષ્મીપ્રિયાને હાથીઓ માટેના આબેહૂબ કુદરતી આવાસ જેવી ખાસ કાળજીપૂર્વકની ડિઝાઈન ધરાવતા કાયમી રહેઠાણમાં રાખવામાં આવશે. અહીં તેમને સાંકળોથી મુક્ત વાતાવરણમાં મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકનો અને પશુચિકિત્સકો દ્વારા કાળજી ઉપરાંત હકારાત્મક સશક્તિકરણ માટેની તાલીમ અપાશે અને આ રીતે તેમની સાથે બળજબરીથી મુક્ત તેમજ ઈનામ સ્વરૂપી તાલીમ દ્વારા વિશ્વાસ સંપાદિત કરાશે. તેઓને વિવિધ પ્રફુલ્લિત કરતી પ્રવૃત્તિઓમાં જોડાવાની સાથે-સાથે, અન્ય હાથીઓ સાથે સંપર્કમાં આવી ઘેરો નાતો બનાવવાની તકો પૂરી પડાશે અને આ રીતે તેમના પરિચારકો તરફથી તેમનું કરૂણાસભર ધ્યાન પણ રખાશે, જે બધું તેમને એક નવજીવનની પ્રાપ્તિ માટે અતિ આવશ્યક છે.

ઈસ્કોન માયાપુર ખાતે ૨૦૦૭ની સાલથી લક્ષ્મીપ્રિયા અને ૨૦૧૦ની સાલથી વિષ્ણુપ્રિયાને રાખવામાં આવી હતી અને તેમનો મંદિરની વિવિધ પરંપરાઓ તેમજ ઉત્સવોની ઉજવણીમાં ઉપયોગ કરાતો હતો. પીપલ ફોર એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ (પીટા) ઈન્ડિયા અને વર્લ્ડ એનિમલ પ્રોટેક્શન સહિતની વિવિધ પ્રાણી સુરક્ષા સંસ્થાઓ ઘણા સમયથી ઈસ્કોનના હાથીઓની મુક્તિ તેમજ તેમને એક વિશ્વસનીય અને જાણીતી હાથી જાળવણી સુવિધામાં ખસેડવાની હિમાયત કરી રહ્યા હતા. પીટા ઈન્ડિયાએ તો આ હાથીઓને રેસ્ક્યુ સેન્ટરમાં ખસેડવાના બદલામાં મંદિરને તેની પરંપરાઓ નિભાવવા એક મિકેનાઈઝ હાથીની પણ ઓફર કરી હતી.

ઈસ્કોન મંદિરના વરિષ્ઠ સભ્ય તેમજ માયાપુરમાં મહાવત અને હાથીઓની બાબતોના મેનેજર હિમતીદેવી દાસીએ જણાવ્યું હતું કે, “ઈસ્કોનમાં અમારી માન્યતાઓ અનુસાર, દરેકના બાહ્ય શરીરની અંદરનો સૂક્ષ્મ જીવ તો સમાન આધ્યાત્મિકતા ધરાવે છે. અમે તો કોઈપણ પ્રાણી અથવા નાત-જાતનો ભેદભાવ રાખતા જ નથી. અલગ-અલગ શરીરના ભિન્ન સ્વભાવ અને પ્રકૃતિ હોઈ શકે છે, પરંતુ, દરેક શરીરની અંદરનો આત્મા તો એકસમાન જ આધ્યાત્મિકતા ધરાવે છે જે કરૂણા અને આદરને પાત્ર છે. પ્રાણીઓ સાથે કરૂણા અને આદરપૂર્વક વર્તીને અમે ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે અમારી ભક્તિની અભિવ્યક્તિ કરીએ છીએ, જેમણે આપણને સૌને શીખવ્યું છે કે તમામ જીવમાત્રની રક્ષા અને પાલનપોષણ કરીને જ ઈશ્વરની સાચી સેવા કરી શકાય છે. મેં જાતે જ આ માટે વનતારાની મુલાકાત લીધી હતી અને મેં ત્યાં જોયું હતું કે અમે જે સિદ્ધાંતોમાં માનીએ છીએ તેનું જ તો ત્યાં અનુસરણ થઈ રહ્યું છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે વનતારામાં વિષ્ણુપ્રિયા અને લક્ષ્મીપ્રિયા ખૂબ સુખેથી રહેશે, બહુ ઝડપથી નવા મિત્રો બનાવશે, અને આનંદથી ભરપૂર એવું જીવન વ્યતિત કરશે, તેમજ સાથે-સાથે વનમાં હાથીઓને જે આઝાદી અને આનંદ મળે છે તેવો જ અહેસાસ માણશે.’’

હાથીઓને કેદ કરી રખાય તો તેનાથી તેમની માનસિક અવસ્થા ઉપર અત્યંત વિપરીત અસર પડે છે કારણ કે જંગલમાં તેઓ આઝાદીપૂર્ણ તેમજ સામાજિક નાતો કેળવીને જીવે છે. આનાથી તેમની એકંદર સુખાકારી જળવાઈ રહે છે. પરંતુ હાથીઓને કેદ કરી રખાય તો આ બંને પાયાગત જરૂરિયાતો જળવાતી નથી, જેના કારણે તેમની મનોદશા પર અત્યંત વિપરીત અસર પડે છે અને તેમની વર્તણૂંક બદલાઈ જાય છે, ડિપ્રેશનમાં આવી જાય છે અને પરિણામે આક્રમકતામાં તેઓ હુમલો કરી બેસે છે. પરંતુ વનતારા ખાતે, રેસ્ક્યુ કરાયેલા હાથીઓને તેમની શારીરિક તંદુરસ્તીથી પણ બે ડગલાં આગળ વધીને કાળજી રખાય છે. તેમની માનસિક તથા સંવેદનાત્મક મનોદશાને સુધારવા ઉપર પણ તેટલું જ ધ્યાન અપાય છે. અહીં નિષ્ણાંત પશુચિકિત્સકો તથા પશુ મનોવૈજ્ઞાનિકો હાથીઓના માનસિક આઘાતના મૂળ કારણને જાણીને તેનો ઈલાજ કરવા તેમનું મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન કરે છે.

વનતારાની અત્યાધુનિક સુવિધામાં વિશ્વની સૌથી મોટી હાથીની હોસ્પિટલનો પણ સમાવેશ થાય છે અને તેની ડિઝાઈન એ રીતે બનાવાઈ છે કે જેથી અહીં હાથીઓના હકારાત્મક પુનઃશક્તિકરણ માટે તેઓને તાલીમ આપવાની સાથે, તેમની જીવનશૈલીને સમૃદ્ધ બનાવવા તેમજ કુદરતી જેવા જ આવાસી વાતાવરણની રચના માટે તેમના સામાજિક જોડાણ પર ભાર મૂકવા જેવી બાબતોને સામેલ કરી શકાય, જેથી તેમને વ્યક્તિગત માનસિક આરોગ્ય સહાયતા મળી રહે. આ સાર્વત્રિક અભિગમ સુનિશ્ચિત કરે છે કે રેસ્ક્યુ કરાયેલા હાથીઓ માત્ર તેમની શારીરિક શક્તિ જ નહીં, પરંતુ સંવેદનાત્મક સ્થિરતા અને માનસિક સુખાકારી પણ પુનઃપ્રાપ્ત કરે. આખરે હાથીઓને સંપૂર્ણ નવપલ્લિત કરીને તેમના જીવનની ગુણવત્તાને સુધારવી એજ તો વનતારાની વચનબદ્ધતા છે.

આવતીકાલ તા. ૨૨ જાન્યુઆરી, ‘વીરદાદા જશરાજ શૌર્યદિન’

રામ રાજ્યનાં મહારાજા, રઘુકુળ ગૌરવ, ગૌરક્ષક વીરદાદા જશરાજનો સંક્ષિપ્ત ઈતિહાસ

શૌર્યભૂમિ મનાતી એવી ભારત ભૂમિ પર અવતરિત શુરવીર યૌધ્ધા સુર્યવંશનાં વંશજ લોહરાણા કુળમાં જન્મેલા લોહરગઢનાં મહારાણા વીરદાદા જશરાજનો ૨૨ જાન્યુઆરીનાં રોજ શૌર્યદિન છે. દાદા જશરાજનો જન્મ લોહરકોટમાં થયો હતો. લોહ એટલે લોખંડ જેવા મજબુત. લોહરાણાઓ કે જેમણે ત્રણસો વર્ષ પર્યન્ત ભારત દેશની ચોકીદારી કરી હતી. શુરવીરતા, સમર્પણ, કરૂણા અને કોઈના દુઃખમાં ભાગ લેવો એ વર્ષોથી લોહરાણાઓની પરંપરા રહી છે. રાજા વસ્તુપાળ અને રાણી વીરકોરના પાટવી કુંવર મોટા પુત્ર વસ્તરાજ ઉર્ફે વચ્છરાજ દાદા અને નાના પુત્ર વીર જશરાજ જેમનો જન્મ ઈ.સ. ૧૦૩૨, વિક્રમ સવંત ૧૦૮૭, હીજરી સન ૪૨૨માં થયો હતો. બંને ભાઈ બાલ્યાવસ્થાથીજ વીર, તેજસ્વી અને ઘોડે સવારીમાં નિપુણ હતા અને વીર યૌધ્ધા તરીકે ઓળખાતા હતા. તા. ૧૫-૦૧-૧૦૪૮ને શુક્રવાર વિક્રમ સવંત ૧૧૦૩, હીજરી સન ૪૩૯નાં દીને કુવંર વચ્છરાજને લોહરકોટનાં નવા મહારાણા તરીકે સ્થાપિત કરાયા. પરંતુ એક પગે અપંગતા હોવાથી દિલાવર દિલનાં વચ્છરાજ દાદાએ જાતે પોતાના નાના ભાઈ જશરાજને રાજતીલક કરી લોહરકોટનાં નવા મહારાણાની જાહેરાત કરી હતી. તેમણે વિધર્મીઓનો અંત કરીને કાબુલનાં કિલ્લા ઉપર વિજય ધ્વજ ફરકાવ્યો એવું કહેવાય છે કે જેટલો ત્યાગ ગુરૂ ગોવિંદસિંહમાં હતો, જેટલો શૌર્ય મહારાણા પ્રતાપમાં હતું કે જેટલું સાહસ વીર શિવાજીમાં હતું તેટલીજ શક્તિ, સાહસ અને શૌર્ય સુર્યવંશી રાણા જશરાજમાં હતું. રામ રાજયના સમયમાં ભગવાન શ્રીરામની આજ્ઞાથી ભરત મહારાજે તે વખતના ગાંધાર(હાલ અફઘાનિસ્તાન) પ્રદેશમાં જાગેલા વિદ્રોહને પરાજિત કરી તે પ્રદેશમાં તક્ષશીલા અને કોંકણપુર(પેશાવર) શહેરો વસાવ્યા હતા અને સમસ્ત રઘુવંશી રાજયની સ્થાપના કરી હતી. અત્યારના પાકિસ્તાનની ઉતર ભુમી અને અફઘાનિસ્તાનની દક્ષીણી ભુમી પર હિમાલયની ગિરિમાળા વચ્ચે લોહર પ્રદેશ હતો. આ રાજય હોવાથી તે વખતના ભારતના રાજય મંડળે લોહ રાજવીને લોહરાણાનો શીરપાવ એનાયત કર્યો હતો. તે સમયે મોગલશાહ ચંગીઝખાન અને મહંમદ ગઝનીએ અવાર-નવાર કરેલી ચઢાઈઓને લોહરાણાઓએ મારી હટાવી હતી. ઈસવીસન પૂર્વે સિકંદર કૂચ અટકાવનાર લોહરાણા પોરસની જેમ જશરાજે ઈરાનીઓ અને અફઘાનિસ્તાનીઓની કૂચને અટકાવી હતી. કુંવર જશરાજની સગાઈ ઉનડકોટનાં રાણા રઘુપાલ ઉનડકોટની દિકરી સાથે થઈ હતી. વસંતપંચમીના દિવસે જયારે જશરાજજીના લગ્નનો દિવસ હતો એ દિવસે જ મલેચ્છ સેનાએ કંદહાર અને હિંદુકુશના રસ્તેથી આવી ઉનડકોટની નજીક જ આવેલ લાતુરગઢ ઉપર હુમલો કર્યો. ઉનડકોટમાં મહારાણા જશરાજનાં લગ્નમાં બધા મગ્ન હતા. મલ્લેછોએ ઉનડકોટની ગાયોનું હરણ કરી લીધું હતું. એક ગોવાળે આ સમાચાર સેનાપતિ સિંધુદેવ શર્માને આપ્યા. તેઓએ પોતાના અંગત સાથીદારોને સાથે લઈ વિધર્મીઓની સામે બાથે ભીડ્યા. આ યુદ્ધમાં વિધર્મીઓએ ગાયોને સામે રાખી હતી હવે જો તેઓ શસ્ત્ર ઉપાડે, સામો પ્રહાર કરે તો ગાયોનું મૃત્યુ થાય માટે તેઓએ હાથબળથી યુધ્ધ કર્યુ અને વિરગતી પામ્યા. જયારે સેનાપતિ સિંધુદેવ શર્માનું શબ ઘોડા ઉપર આવે છે. દાદા જશરાજ સહિત બધાની આંખોમા આંસુ આવી જાય છે. તેમની મોટી બહેન હરકૌર પોબારૂની વિનંતીથી દાદા લગ્નવેદીનાં ચાર ફેરા તો ફરે છે પરંતુ પોતાની પત્નીની સંમતિથી જ લગ્ન પછી તરત જ ગાયોના રક્ષણ માટે યુધ્ધે ચડે છે. જેમાં તેની બહેન હરકૌરે પણ મદદ કરી હતી. આખરે કાબુલનાં દુશ્મન પરાજિત થયા, અને જશરાજ વિજયી થયા. લોહર સૈનિકનાં વેશમાં આવેલ એક શત્રુએ લગ્નની ખુશાલીમાં જશરાજ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી વંદન કરી દગાથી જસરાજની ગરદન ઉપર સાંગ મારી માથું ઉતારી દીધું. જશરાજનું માથા વિનાનું ધડ પણ ઝનૂનથી લડે છે ત્યારથી તેઓ લોહાણા અને ભાનુશાલીઓ દ્વારા વીરદાદા જશરાજ કુળદેવતા તરીકે પૂજાતા આવ્યા છે અને તેની બહેન હરકૌરની લોહાણા કુળ દ્વારા કુળદેવી તરીકે પૂજા કરવામાં આવે છે. મહારાણા પ્રતાપનાં ચેતક ઘોડાની જેમ દાદા જસરાજનો પ્રિય અશ્વ લાલુ હતો જેમની ખાંભી આજે પણ ઉનડકોટમાં જોવા મળે છે.

● ગૌરક્ષક, ધર્મરક્ષક, શૌર્ય પ્રતિક, વીરદાદા જશરાજ.

● રઘુવંશીઓ-લોહરાણાઓનાં સરતાજ, વીરદાદા જશરાજ.

● રામ રાજયનાં મહારાજા, રઘુકુળ ગૌરવ, ગૌરક્ષક વીરદાદા જશરાજ.

● વીરદાદા જશરાજજીની જય હો.

–મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

જૂનાગઢ મહાનગર સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા રમતોત્સવ કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ મહાનગર સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા સ્ટેટ કો ઓર્ડીનેટર કૌશલ ભાઈ દવે ની સૂચના મુજબ ઝોન સંયોજક વનરાજ ભાઈ સુત્રેજા મેહુલ ભાઈ ડોડીયા તેમજ મહાનગર સંયોજક કેવિન ભાઈ અકબરી ની સૂચના મુજબ સ્વામી વિવેકાનંદ રમતોત્સવ કાર્યક્રમ શહેર ની નોબલ હાઈ સ્કુલ ખાતે યોજાયો હતો જેમાં હાઈસ્કૂલ ના વિદ્યાર્થીઓ દ્વારા રસ્સા ખેંચ તેમજ સંગીત ખુરશી માં ઉત્સાહ ભેર ભાગ લીધો હતો અને પ્રથમ દ્વિતિય તૃતીય એમ ક્રમાંક આપ્યા હતા.

આ કાર્યક્રમ માં ઉપસ્થિત મેનેજીંગ ટ્રસ્ટી તેમજ જૂનાગઢ મહાનગર ભાજપ આગેવાન કે.ડી.પંડ્યા પ્રિન્સિપાલ શિક્ષક ગણ તેમજ સ્ટાફ ગણ વોર્ડ સંયોજક પીયુષ ગઢવી, પરાગભાઈ રાઠોડ રેનીશભાઈ ભટ્ટી, યોગેશભાઈ જેઠવા,યશભાઈ ગરચર, તેમજ ભાજપ યુવા મોરચા કાર્યકર્તા કેવલ ગોસ્વામી, ધૃમિલભાઈ ઠાકર હાજર રહ્યા હતા.

રાષ્ટ્રીય યુવા મહોત્સવ ૨૦૨૫માં ભારત મંડપમ, દિલ્હી ખાતે ગુજરાતમાંથી ભાવનગરનાં ભાવેણાની ધ્વનિની પસંદગી

VIKSIT BHARAT
Young Leaders
Dialogue
NATIONAL YOUTH FESTIVAL

રાજકોટ, તા.૨૧

ખેલ અને યુવા મંત્રાલય ભારત સરકાર દ્વારા યોજાયેલ વિકસિત ભારત યુવા નેતા સંવાદ રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં ૨૦૨૫માં ભાવનગરની દીકરી ધ્વનિ રાજ્યગુરુએ ૮૫૦ જેટલા વક્તાઓમાંથી પસંદગી પામી ભવ્ય ભારત મંડપમ, દિલ્હી ખાતે વિકસિત ભારત યંગ લીડર ડાયલોગના ઉદ્‌ઘોષક તરીકે ભૂમિકા ભજવી હતી. તેમજ આ ઉપરાંત પ્રધાનમંત્રી સમક્ષ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે વક્તવ્ય આપ્યું હતું. વિકસિત ભારત તરફની ભારતની સફરની જે ભારત મંડપમ ૨૨૦ સમિટનું સાક્ષી રહ્યું છે, એ સ્થળ ઉપર પ્રધાનમંત્રીશ્રી સાથે ચર્ચા કરવા માટે સમગ્ર ભારતમાંથી ૩૦ લાખ જેટલા યુવાઓએ ભાગ લીધો હતો, જેમાં પાંચ અલગ અલગ ચરણમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાષ્ટ્રીય સ્તરે મહિલા સશકતીકરણ વિષય પર ૨૮ રાજ્ય અને ૮ કેન્દ્રશાષિત પ્રદેશનાં કુલ ૧૦૮ જેટલાં પ્રતિભાગીમાં પ્રથમ સ્થાન મેળવી રાષ્ટ્રીય કક્ષાએ પ્રધાનમંત્રીશ્રી સમક્ષ ૧૦ થીમ ઉપર પીપીટી પ્રેઝન્ટેશન માટે જે અંતિમ ૨૦ સ્વપ્રદ્રષ્ટા યુવાઓ પસંદ થયા હતા તેમાં ગુજરાતમાંથી ભાવેણાની ધ્વનિએ પસંદગી પામી "મહિલા સશક્તિકરણ અને સામાજિક સંકેતકોમાં સુધાર" વિષય ઉપર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ ૧૦ મિનિટનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે વકતવ્ય આપ્યું હતું. જેને પ્રધાનમંત્રી અને ખેલ- યુવામંત્રી મનસુખ માંડવીયાએ બિરદાવ્યું હતું.

સખત મહેનત કરનાર કોઈપણ સપના સાકાર કરી શકે છે : ગૌતમ અદાણી

અમદાવાદ, તા. ૨૧

સખત મહેનત કરનાર કોઈપણ વ્યક્તિ સપનાં સાકાર કરી શકે છે કેમ કે સ્વપ્ન જોવાં એ માત્ર ધનિકોનો વિશેષાધિકાર નથી તેમ ગૌતમ અદાણીએ આજે અહીં જણાવ્યું હતું. દેશ અને દુનિયાના ટોચના ધનિક ઉદ્યોગપતિ ગૌતમ અદાણી આજે સોમવારે અદાણી ઈન્ટરનેશલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકો સહિત અન્ય અગ્રણીઓને સંબોધન કરી રહ્યા હતા. આ સંબોધનમાં તેમણે સફળતા મેળવવા માટે સ્વપ્નની તાકાત, સખત મહેનત તથા મક્કમ મનોબળના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો હતો. અહેવાલ અનુસાર, પોતાના પ્રારંભિક દિવસોને યાદ કરતા તેમણે એ વાતનો સ્વીકાર કર્યો હતો કે, એ સમયે તેમની પાસે કોઈ નક્કર આયોજન, નાણાકીય સ્રોતો કે પછી વગદાર સંપર્કો નહોતા, પરંતુ જે કંઈ હતું તે- જીવનમાં કંઈક અર્થપૂર્ણ કરવા માટેનું સ્વપ્ન હતું. ‘‘હું રોજેરોજ આ સ્વપ્ન જોતો. અને હવે જ્યારે મારા ભૂતકાળ પર નજર કરું છું ત્યારે હું કહી શકું છું કે સ્વપ્નો ઉપર ધનિકોનો ઈજારો નથી, સ્વપ્ન જોવાં એ ધનિકોનો વિશેષાધિકાર નથી. એવા તમામ લોકો સ્વપ્ન સાકાર કરી શકે છે જેમને પોતાનામાં આત્મવિશ્વાસ હોય અને સખત મહેનત કરવા તૈયાર હોય’’ તેમ અદાણી જૂથના ચેરમેને કહ્યું હતું. તેમની કંપની ભારતની સૌથી ઝડપી પ્રગતિ કરતી કંપની છે એ વાતનો ઉલ્લેખ કરીને ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, તેમની કંપનીનું ધ્યેય માત્ર બિઝનેસ કરવા કરતાં કંઈક વિશેષ છે. ‘‘અમે જે કોઈ નિર્ણય લઈએ છીએ, જે કોઈ જોખમ ઉઠાવીએ છીએ તેની પાછળ એક ધ્યેય હોય છે, કે અમે એવું શું સર્જન કરીએ જે વધુ શ્રેષ્ઠ રીતે સેવા કરી શકે? અમે અમારાં સ્વપ્નને પાંખો આપવાની હિંમત, વધુ ઊંચે ઉડવાની તૈયારી તથા અન્ય કોઈપણ કરતાં વધુ ઝડપે આગળ વધવાની તૈયારી રાખીએ છીએ’’ તેમ તેમણે જણાવ્યું હતું.

દેશ અને દુનિયાના ટોચના ઉદ્યોગપતિમાં સ્થાન પામનાર અદાણીએ વિદ્યાર્થીઓને મોટાં સ્વપ્ન જોવાની હિંમત રાખવા તથા પડકારોનો સામનો કરવાની મક્કમતા રાખવા વિનંતી કરી હતી. નિષ્ફળતાની અનિવાર્યતા અંગે વાત કરતા તેમણે કહ્યું કે, નિષ્ફળતા તો મળશે તથા પીછેહઠ તમારી પરીક્ષા કરશે પરંતુ એટલું યાદ રાખજો કે, નિષ્ફળતા એ સફળતાની વિરોધી બાબત નથી, એ તો સફળતાનો સૌથી અગત્યનો સાથીદાર છે. સામાન્ય અને અસામાન્ય સફળતા વચ્ચે માત્ર મક્કમ મનોબળ તથા પ્રત્યેક પછડાટ પછી ઊભા થવાની હિંમતનો તફાવત છે.

આગામી તા. ૨૮ મી જાન્યુઆરીના રોજ નિરંજન શાહ સ્ટેડિયમ

રાજકોટ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી૨૦ ઈન્ટરનેશનલ મેચનો રોમાંચક મુકાબલો

રાજકોટ તા.૨૧

આગામી તા. ૨૮ મી જાન્યુઆરીના રોજ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમાશે. આ રોમાંચક મુકાબલામાં ટીમ ઈન્ડિયાની "ટીમ" જાહેર કરાઈ છે. આ સિરીઝની ત્રીજી મેચ છે. આ રોમાંચક મુકાબલો વર્લ્ડ કલાસ ક્રિકેટનું રોમાંચક પ્રદર્શન હશે. આ રમતને લઈને ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્તેજના અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજકોટ ખાતે રમાનારી ટી૨૦ ઈન્ટરનેશનલ ઈન્ડિયા વિ ઈંગ્લેન્ડની ટિકિટ બુક માઈશોની એપ્સ અને વેબસાઈટ પર ૨૨ મી જાન્યુઆરી ૨૦૨૫થી ઓનલાઈન ઉપલબ્ધ થશે.

ટિકિટની કિંમત રૂા. ૧૫૦૦/- થી રૂા. ૭૦૦૦/- છે. નિરંજન શાહ સ્ટેડિયમમાં સાંજે ૭.૦૦ વાગ્યાથી મેચ શરૂ થશે. સૌરાષ્ટ્રના સિતાંશુ કોટક ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ રહેશે. ટીમ ઈન્ડિયામાં સૂર્યકુમાર યાદવ - કેપ્ટન, અક્ષર પટેલ – વાઈસ કેપ્ટન, હાર્દિક પંડ્યા, સંજુ સેમસન - વિકેટ કીપર, નીતિશ કુમાર રેડ્ડી, તિલક વર્મા રિંકુ સિંહ, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, અભિષેક શર્મા, હર્ષિત રાણા, વરૂણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, વોશિંગ્ટન સુંદર, ધ્રુવ જુરેલ - વિકેટ કીપર વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો નગરો-શહેરોના નાગરિકોને સુવિધા-સુખાકારી વૃદ્ધિનો નવતર અભિગમ

એક જ દિવસમાં રૂા.૬૦૫.૪૮ કરોડ વિવિધ વિકાસ કામો માટે ફાળવ્યા

લીંબડી, માંડવી-કચ્છ, મુંદ્રા-બારાઈ, વિરમગામ, બારડોલી, બીલીમોરા, સોનગઢ, વલસાડ, સાણંદ, હળવદ, ગણદેવી, ધરમપુર, દાહોદ, ખંભાત, દ્વારકા, પાદરા, બાબરા, માણસા, ધ્રાંગધ્રા નગરપાલિકાઓ, વડોદરા અને ભાવનગર મહાનગરપાલિકા તેમજ ભાવનગર અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળને વિવિધ વિકાસ કામોની ભેટ મળી

નગરોમાં પર્યાવરણ શુદ્ધિ અને સીટી બ્યુટીફિકેશનના હેતુથી ૨૫ નગરપાલિકાઓમાં નવીન બગીચા-ગાર્ડન બનાવવા ૪૦ કરોડ રૂપિયા ફાળવાશે નાગરિકોની વાંચન ભૂખ સંતોષવા તથા વૈશ્વિક પ્રવાહોથી લોકોને માહિતગાર કરવા ૧૩ નગરોમાં લાઈબ્રેરી-ગ્રંથાલય નિર્માણ માટે ૩૯ કરોડ રૂપિયા ફાળવવા મંજૂરી : ૨૨ નગરપાલિકાઓના હયાત ગ્રંથાલયોને અદ્યતન અને સ્માર્ટ ગ્રંથાલય બનાવવા રૂપિયા ૩૩ કરોડની ફાળવણી

ગાંધીનગર તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી જનસુખાકારી અને નાગરિકોનું ઈઝ ઓફ લિવિંગ વધે તે માટે રાજ્યની વિવિધ નગરપાલિકાઓ-મહાનગર પાલિકાઓમાં શહેરી વિકાસના કામો માટે એક જ દિવસમાં રૂ. ૬૦૫.૪૮ કરોડ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦10માં શરૂ કરાવેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના-**SJMSVY** અંતર્ગત મંજૂર કરાયેલી આ રકમમાંથી સ્ટોર્મ વોટર ડ્રેનેજ, તળાવ બ્યુટિફિકેશન, શહેરી સડક યોજના, પાણી પુરવઠા, આઉટ ગ્રોથ વિકાસ અને રેલવે ઓવરબ્રિજ સહિતના કામો હાથ ધરાશે. મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી આ રકમનો લાભ લીંબડી, માંડવી-કચ્છ, મુંદ્રા-બારાઈ, વિરમગામ, બારડોલી, બીલીમોરા, વલસાડ, સોનગઢ, સાણંદ, હળવદ, ગણદેવી, ધરમપુર, દાહોદ, ખંભાત, દ્વારકા, પાદરા, બાબરા, માણસા, ધ્રાંગધ્રા નગરપાલિકાઓ, વડોદરા અને ભાવનગર મહાનગરપાલિકા તેમજ ભાવનગર અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળને વિવિધ વિકાસ કામો માટે મળવાનો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો - શહેરોમાં વસવાટ કરતા નાગરિકોને પાણી, વીજળી, ગટર, રસ્તા જેવી ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ સુચારુ રીતે પૂરી પાડવા સાથે પર્યાવરણ પ્રિય વાતાવરણ અને વૈશ્વિક પ્રવાહોથી પરિચિત રાખતી વાંચન પ્રવૃત્તિનો પણ વ્યાપ વધારવાનો સર્વગ્રાહી શહેરી જન જીવન સુખાકારીનો અભિગમ અપનાવ્યો છે. નગરોમાં વધતા જતા વિકાસને અનુલક્ષીને પર્યાવરણ જાળવણી-શુદ્ધિ અને સીટી બ્યુટીફિકેશનના હેતુસર રાજ્યની ૨૫ નગરપાલિકાઓને નવીન બાગ બગીચા વિકસાવવા માટે ૪૦ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નગરપાલિકાઓમાં બાગ-બગીચા વિકસાવી સીટી બ્યુટીફિકેશન થાય અને લોકોને હરવા ફરવાના સ્થળો ઉપલબ્ધ થાય તેવા અભિગમ આ યોજનામાં અભિપ્રેત છે. મુખ્યમંત્રીશ્રીએ નગરોમાં વસતા લોકોની વાંચન ભૂખ સંતોષવા ૧૩ નગરપાલિકાઓને ગ્રંથાલય-લાઈબ્રેરી નિર્માણ માટે નગરપાલિકા દીઠ રૂ. ૩ કરોડ મળી કુલ ૩૯ કરોડ રૂપિયા ફાળવ્યા છે. એટલું જ નહીં, ૨૨ નગરપાલિકાઓમાં હાલ કાર્યરત ગ્રંથાલયના ભવનના રિનોવેશન કરીને સ્માર્ટ ગ્રંથાલય તરીકે પ્રસ્થાપિત કરવા પ્રત્યેકને રૂ. ૧.૫૦ કરોડ પ્રમાણે કુલ ૩૩ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

નગરપાલિકાઓને આઉટગ્રોથ વિસ્તારોના વિકાસ માટે રૂ. ૧૫.૭૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. તેમાં હળવદને ભૂગર્ભ ગટર, સીસી રોડ, પાણીની લાઈન અને સ્ટ્રીટ લાઈટના કામો માટે રૂ. ૪.૪૯ કરોડ, ગણદેવીને જલારામ મંદિરથી કસ્બાવાડી રેલવે ફાટક સુધી તથા ધનોરી રોડ પર સ્ટ્રીટ લાઈટના કામો માટે રૂ. ૭૨.૬૯ લાખ, દ્વારકા નગરપાલિકામાં રેલવે અન્ડરબ્રિજ ટુ ટ્રેક સી.સી. રોડ બનાવવા રૂ. ૪.૬૨ કરોડ, ધરમપુરને સ્ટ્રીટ લાઈટના કામો માટે રૂ. ૧.૯૦ કરોડ અને લીંબડીને સીસી રોડના કામો માટે ૩.૭૭ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. ખંભાત અને દાહોદ નગરપાલિકાને પાણી પુરવઠા યોજના માટે રૂ. ૧૧૨.૫૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત ખંભાત શહેરમાં નવા વોટર સપ્લાય નેટવર્ક પ્રોજેક્ટ માટે રૂ. ૬૬.૧૧ કરોડ તથા દાહોદ નગરપાલિકાને પાણી પુરવઠાની કામગીરી માટે રૂ. ૫૬.૪૨ કરોડ મંજૂર કરાયા છે. આ રકમમાંથી દહોદમાં પાટા ડુંગરી ડેમથી અલગ પાઈપલાઈનની કામગીરી તથા નગરપાલિકાના તમામ વોટરવર્કર્સને ઈન્ટરકનેક્ટ કરવાના કામો કરવામાં આવશે. સાણંદ, વિરમગામ નગરપાલિકા અને ભાવનગર શહેરી વિકાસ સત્તામંડળને સિટી અને તળાવ બ્યુટિફિકેશન માટે રૂ. ૨૬.૩૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેમા સાણંદ નગરપાલિકા વિસ્તારમાં મહત્વના રસ્તાઓ પર બ્યુટિફિકેશનની કામગીરી માટે રૂ. ૧૩.૫૦ કરોડ, વિરમગામ નગરપાલિકાને તળાવ બ્યુટિફિકેશનના કામ માટે રૂ. ૬.૪૨ કરોડ અને ભાવનગર શહેરી વિકાસ સત્તામંડળને ઘોઘા ગામસર તળાવના બ્યુટિફિકેશન માટે રૂ. ૬.૪૩ કરોડ ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભાવનગર મહાનગરપાલિકાને કરચલિયા પરા વિસ્તારમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજના કામો માટે રૂ. ૯૯.૮૯ કરોડ તથા માંડવી-કચ્છ નગરપાલિકાને ૧૬.૮૬ કરોડ અને મુંદ્રા-બારાઈ નગરપાલિકાને ૧.૬૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યાં છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત વિવિધ નગરપાલિકાઓને શહેરી રસ્તાઓના નિર્માણ માટે પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રૂ. ૧૫.૨૯ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે. તે અંતર્ગત બારડોલીને ૯૯.૫૨ લાખ, સોનગઢને ૨૯.૭૪ લાખ, વલસાડને ૧.૦૨ કરોડ, બીલીમોરાને ૭૦.૧૫ લાખ, સાણંદ નગરપાલિકાને ૪૦ લાખ, પાદરા નગરપાલિકાને ૪૨.૯૦ લાખ, બાબરા નગરપાલિકાને ૩.૬૭ કરોડ તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળને ૭.૭૮ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં વડોદરા મહાનગરપાલિકાને સીસી રોડ તથા પેવર બ્લોક માટે ઉત્તર ઝોનના ૧૨ કામો માટે ૨.૦૨ કરોડ રૂપિયા તેમજ દક્ષિણ ઝોનના ૧૫ કામો માટે ૨.૦૮ કરોડ રૂપિયા મળી કુલ ૪.૧૦ કરોડ રૂપિયા તથા માણસા નગરપાલિકાને ૩૫.૨૨ લાખ રૂપિયા ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વડોદરા મહાનગરપાલિકામાં શહેરની આગવી ઓળખના વિકાસ કાર્યો માટે કુલ ૧૦૪ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યાં છે. આ કામોમાં લાલકોર્ટ ઈમારતના આધુનિકીકરણ માટે રૂ. ૪૦ કરોડ, કમાટીબાગ પાસે નવીન ફુટ ઓવરબ્રિજ માટે રૂ. ૧૨ કરોડ, ગોત્રી તળાવ ખાતે યોગ સેન્ટર અને લાઈબ્રેરી માટે રૂ. ૨.૫૦ કરોડ, હરણી તળાવ ખાતે યોગ સેન્ટર અને લાઈબ્રેરી માટે રૂ. ૨.૫૦ કરોડ, નવનાથ મંદિરોના ગેટ માટે રૂ. ૨ કરોડ, ગાંધીનગર-ગૃહના નવીનીકરણ માટે ૧૦ કરોડ, સમા ખાતે નગરગૃહ માટે રૂ. ૨૦ કરોડ, કામનાથ મંદિર અને કમાટીબાગને જોડતા વોકિંગ બ્રિજ માટે રૂ. ૧૦ કરોડ તેમજ પારેશ્વર મહાદેવ મંદિરથી ગોત્રી ગાર્ડનને જોડતા આર.સી.સી. કેબલ વોકિંગ બ્રિજના કામોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત નાગરિકોને ટ્રાફિકમાંથી મુક્તિ અપાવવા તથા યાતાયાતને વધુ સુગમ બનાવવાના હેતુથી દ્વારકા અને ધ્રાંગધ્રા નગરપાલિકાને રેલવે ઓવરબ્રિજ માટે રૂ. ૮૮.૮૮ કરોડ મંજૂર કર્યા છે. તેમાં દ્વારકા નગરપાલિકાને રૂ. ૪૯.૮૭ કરોડ અને ધ્રાંગધ્રા નગરપાલિકાને રૂ. ૩૯.૦૧ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ સમગ્રતયા વિકાસકામોથી નગરપાલિકાઓ, મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોની શહેરી સુખાકારીમાં વધારો થશે અને નાગરિકોને વધુ સારી સુવિધાઓ મળશે.

રાજ્યભરમાં શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫નો પ્રારંભ

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રેરક સંદેશથી વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને મળ્યું યોગ્ય માર્ગદર્શન



શાળા સલામતી સપ્તાહ અંતર્ગત આગામી તા. ૨૫ જાન્યુઆરી સુધી રાજ્યભરની શાળાઓમાં યોજાશે વિવિધ પ્રવૃત્તિઓ

ગાંધીનગર તા.૨૧

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (**GSDMA**) અને શિક્ષણ વિભાગના સયુંકત ઉપક્રમે રાજ્યભરમાં "શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫"નું આયોજન કરવામાં આવ્યું છે. આજે બાઈસેગની વંદે ગુજરાત ચેનલ-૧ પરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રેરક સંદેશ સાથે શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫નો શુભારંભ કરાયો હતો.

મુખ્યમંત્રી દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને વીડિયો સંદેશના માધ્યમથી પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપનની સમજ કેળવાય તે બાબત ઉપર વિશેષ ભાર મૂક્યો હતો.

મુખ્યમંત્રીએ સપ્તાહ દરમિયાન મોકડ્રીલ, નિદર્શન, તાલીમ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન શાળા કક્ષાએ કરવા જણાવ્યું હતું. સાથે જ તેમણે સમગ્ર સપ્તાહની સફળતાપૂર્વક ઉજવણી કરવા તમામ શાળાઓ અને **GSDMA**ને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આ શુભારંભ પ્રસંગે **GSDMA**ના મુખ્ય કારોબારી અધિકારી અનુપમ આનંદ દ્વારા શાળા સલામતી સપ્તાહ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં પાંચ દિવસ એટલે કે, આગામી તા. ૨૫ જાન્યુઆરી સુધી યોજાનાર સપ્તાહ દરમિયાન શાળા સલામતી અંગેની દૈનિક પ્રવૃતિઓની રૂપરેખા સમજાવવામાં આવી હતી.

શાળા સાલામતી સપ્તાહ-૨૦૨૫મા રાજ્યની તમામ ૩૩,૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓને આવરી લેવામાં આવશે. જેમાં લગભગ ૩૦૦૦ જેટલી શાળાઓમાં મેગા ઈવેન્ટ જેવી કે, ભૂકંપ, આગ અકસ્માત, પૂર, શોર્ટ સર્કિટ જેવા વિષયો ઉપર **NDRF/SDRF/**ફાયર બ્રિગેડનાં સહયોગથી મોકડ્રીલનું આયોજન કરવામાં આવશે. ઈન્ડિયન રેડક્રોસ, ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સના સહયોગથી આરોગ્ય વિષયક તાલીમ અને નિદર્શન કરવામાં આવશે. આ ઉપરાંત બાકીની તમામ શાળાઓમાં શાળા કક્ષાએ આપત્તિ વ્યવસ્થાપન વિષયક ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. શાળા કક્ષાએ જનજાગૃતિનાં ભાગરૂપે રેલી, વિડીઓ નિદર્શન, પોસ્ટર પ્રદર્શનીનું આયોજન કરવામાં આવશે. તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં આજથી આગામી તા.૨૫/૦૧/૨૦૨૫ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન શાળાઓ દ્વારા કરવામાં આવશે.

આ કાર્યક્રમના પ્રારંભે અધિક મુખ્ય કારોબારી અધિકારી જે. રણજીથકુમાર દ્વારા શાબ્દિક સ્વાગત વિધિ કરવામાં આવી હતી.

યાત્રાધામ દ્વારકામાં ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા સમુહ લગ્નોત્સવનું આયોજન



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૧

શ્રી દ્વારકા ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા સમુહ લગ્ન, યજ્ઞોપવિત, ચૌલ સંસ્કારનું તા. ૦૩/ ૦૨/૨૦૨૫ ને સોમવારના રોજ નગરપાલિકા ગ્રાઉન્ડ, સ્વામીનારાયણ મંદિર પાછળ, દ્વારકા ખાતે આયોજન કરેલ છે, તા. ૩૧/૦૧/૨૦૨૫ ને શુક્રવારના રોજથી તા. ૦૪/ ૦૨/૨૦૨૫ સુધી સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરેલ છે.તા. ૩૧/૦૧/ ૨૦૨૫, શુક્રવારના રોજ મહેંદી, બપોરે ૨ વાગ્યે બ્રહ્મપુરી નં. ૧, દ્વારકા ખાતે સાંજીના ગીત સાંજે ૫ કલાકે, સંગીત સંદયા રાત્રે ૧૦ કલાકે, સ્વામીનારાયણ ગ્રાઉન્ડ, દ્વારકા ખાતે તેમજ તા. ૧/૨/૨૦૨૫ ને શનિવારના રોજ લગ્ન નાળીયેર સવારે ૯ કલાકે બ્રહ્મપુરી નં. ૧ દ્વારકા, સાંજે ૫ કલાકે મોસાળુ અને દાંડીયારાસ રાત્રે ૧૦ કલાકે સ્વામીનારાયણ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. તા. ૦૨/ ૦૨/૨૦૨૫ રવિવારના રોજ સાંજે ૫ કલાકે બ્રહ્મપુરી નં. ૧ દ્વારકાથી સમુહ વરઘોડો નીકળશે અને તા. ૦૩/૦૨/ ૨૦૨૫ ને સોમવારના રોજ સવારે ૮ કલાકે ધ્વજા, પૂજનના કાર્યક્રમો યોજાશે, જેમાં સવારે ૮ કલાકથી ૧૨.૩૦ કલાક સુધી મંડપ મુર્હુત, ગૃહશાંતિ, યજ્ઞોપવિત અને ચોલકર્મના કાર્યક્રમોનું આયોજન કરેલ છે. સાંજે ૪ કલાકે વરરાજાને તોરણે અને સાંજે ૫ કલાકે હસ્તમેળાપ થશે, સમુહમાં વર-કન્યા શ્રી દ્વારકાધીશના દર્શને, રાત્રે ૮ કલાકે પહોંચશે, અને જાનનું જમણ રાત્રે ૯ કલાકે બ્રહ્મપુરી નં. ૧ દ્વારકા ખાતે યોજાશે તેમજ તા. ૩૧/૦૧/૨૦૨૫ શુક્રવાર સાંજથી તા. ૦૪/૦૨/૨૦૨૫ મંગળવાર સવાર સુધી બ્રહ્મપુરી નં. ૧ દ્વારકા ખાતે ભોજન સમારંભ શરૂ રહેશે. તેમજ તા. ૪/૨/ ૨૦૨૫ મંગળવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે નગરપાલિકા ગ્રાઉન્ડમાં સત્કાર સમારંભ યોજાશે.

દ્વારકામાં શ્રી દ્વારકા ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા આયોજીત સમુહ લગ્નોત્સવમાં અતિથિ વિશેષ તરીકે પ.પૂ.અનંત શ્રી વિભૂષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ પધારશે અને દ્વારકા કલ્યાણપુરના ધારાસભ્ય પબુભા માણેક પણ ખાસ ઉપસ્થિત રહેશે. તેમજ સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય યજમાન તરીકે રાજાધિરાજ શ્રી દ્વારકાધીશ તથા શ્રી રૂક્ષ્મણી માતાજી રહેશે. તેમ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રમુખ યજ્ઞેશ વી. ઉપાધ્યાય, મંત્રી કપિલ વી. વાયડા અને સહમંત્રી ચૈતન્ય આર. ઠાકરની યાદીમાં જણાવાયું છે.

ખંભાળિયામાં બાળ શ્રમિકને મુક્ત કરાયો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાળ મજુરી પ્રથા નાબુદ કરવા જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને રચાયેલી ટાસ્ક ફોર્સની ટીમના માર્ગદર્શન હેઠળ સરકારી શ્રમ અધિકારી ડૉ. વી.જી.બોરીયા અને તેમની ટીમ દ્વારા ખંભાળિયામાં સ્ટેશન રોડ ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં એક ફરસાણની દુકાનમાંથી આશરે પોણા ૧૪ વર્ષના બાળ શ્રમિકને મુકત કરાવવામાં આવ્યો હતો.

દ્વારકાધીશ જગત મંદિર પર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો ફેબ્રુઆરી માસનો ડ્રો શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા પારદર્શકતા પૂર્વક સંપન્ન

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૧

દ્વારકાધીશ જગત મંદિર પર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો ફેબ્રુઆરી માસ ૨૦૨૫નો જાહેરમાં કરવામાં આવતો ડ્રો ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા ગઈકાલ ૨૦ જાન્યુઆરીના રોજ બ્રહ્મપુરી નંબર ૧મા દ્વારકાધીશ જગત મંદિર દેવસ્થાન સમિતિ સદસ્ય રમેશભાઈ હેરમાં,ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ કારોબારી સદસ્ય જીતેશભાઈ ઠાકર, મધ્યસ્થ સભા સદસ્ય આશિષભાઈ મીન, તેમજ જયેશભાઈ પાઢ તેમજ ધ્વજાજીના યજમાન વૈષ્ણવો,ભક્તો,તીર્થ પુરોહિતો, કારોબારી સદસ્યો,મધ્યસ્થ સભા સદસ્યો,સલાહકાર સમિતિ સદસ્યો, સામાજિક કાર્યકરો વગેરેની ઉપસ્થિતિમાં પારદર્શકતા પૂર્વક ડ્રો સંપન્ન કરવામાં આવ્યો.અગાઉ ડ્રો માટેના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કલ્યાણપુરમાં આઈસીડીએસ વિભાગ દ્વારા પોષણ ઉત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

(પ્રતિનિધી દ્વારા)જામ ખંભાળિયા, તા. ૨૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં આ.સી.ડી.એસ. વિભાગ દ્વારા પોષણ ઉત્સવ અંતર્ગત મીલેટ્સ અને ટી.એચ.આર. **(THR)** માંથી વિવિધ પોષ્ટિક વાનગીઓની સ્પર્ધા યોજવામાં આવી હતી. કલ્યાણપુર તાલુકા પંચાયત ખાતે ઘટક કક્ષાના આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખના પ્રતિનિધિ, તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારી, આઈ.સી.ડી.એસ. વિભાગમાંથી સી.ડી.પી.ઓ., મુખ્ય સેવિકા, પાપા પગલી, જિલ્લા એન.એન.એમ. કો-ઓર્ડિનેટર સાથે અન્ય કર્મચારીઓ, ફિલ્ડ ઓફિસર, આંગણવાડી વર્કરો તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

વેરાવળ-પાટણ : ચીફ ઓફીસર પાર્થીવ પરમારે ચાર્જ સંભાળ્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૧

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાના ચીફ ઓફીસર ચેતન ટુંડીયાની રાજકોટ મહાનગરપાલિકામાં બદલી થતાં તેમના અનુગામી તરીકે પાર્થીવ પરમારને બાટવાથી વેરાવળ નિમણુંક કરવામાં આવેલ છે. પાર્થીવ પરમારનો જન્મ તા.૧૨-૭-૧૯૯૦ ના સીમાર મુકામે થયેલ છે. તેઓ કોમ્પ્યુટર ઈન્જીનીયરનો રાજકોટ ખાતે અભ્યાસ કરેલ તેમજ ઉના, કેશોદ, બાટવા ગામે કામગીરી બજાવેલ છે. ઉના ખાતે તેઓના કાર્યકાળ દરમ્યાન સ્વચ્છતા માટે બે સ્ટાર અંગેનો એવોર્ડ મેળવેલ હતો. હાલ સોમનાથ મહાદેવના દર્શન કરી વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાનો ચાર્જ સંભાળેલ છે.

જાહેર નોટીસ

અમારા અસીલ સાબીર નૂરમહંમદ દૂરવેશ રહે. જૂનાગઢ તથા અલીમહંમદ મુલતાની રહે. કાલેજ તાલુકો માંગરોળવાળાની સુચનાથી લાગતા વળગતાઓને જાણ કરવાની કે, જૂનાગઢ તળપદ સર્વે નંબર ૧૦૧, ૧૦૨, ૨૩૮, ૨૪૬, ૧૦૧/૨, ૮૯, ૫૯ જેના સનદ નંબર ૭૦૨ અને ૪૩૫ છે, તે જમીન સફિમીયા બાવામિયા, હાસમમિયાં પ્યારામિંયા, તથા બદરમીયા પનામીયાના વારસદારો એવા આહમદમીયા ગુલામ હુસેન, ગુલામ હુસેન આહમદમિયા, બતુમલી આહમદ મિયા, રજીયાબી આહદમીયાઓએ તારીખ ૧ જુન ૨૦૦૮ના લેખિત ભાગીદારી કરારમાં મારા બંને અસીલોને લખી આપ્યા મુજબ મારા બંને અસિલોની આ જમીનોમાં ૪૫% ની ભાગીદારી આવેલ છે. તેમજ જૂનાગઢ તળપદની સર્વે નંબર ૯૯/૨ની ૧૦ ગુંઠા જમીન અને સર્વે નંબર ૭૭ વાળી ૭ ગુંઠા જમીન પણ આહમદમિયા ગુલામ હુસેન, ગુલામ હુસેન આહમદમિયા, બતુલબી આહમદમિયા, રજીયાબી આહમદમીયાઓએ તારીખ ૨૬-૦૬-૨૦૦૩ના લેખિત ભાગીદારી કરાર મુજબ અને તારીખ ૧૦-૦૯-૨૦૧૮ના રજીસ્ટર્ડ લેખિત ભાગીદારી કરાર મુજબ ગુલામહુસેન આહમદમિયા, બતુલબી આહમદમીયાએ અમોનાં અસિલોને લખી આપી બંધાયા મુજબ આ જમીનમાં મારા બંને અસિલોની ૫૦% ની ભાગીદારી રહેલી છે. જેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી. અમોના અસીલની જાણ બહાર કોઈએ આ મિલકત સંબંધે કોઈપણ પ્રકારનું કરાર, દસ્તાવેજ, લખાણ કે કોઈ વ્યવહાર કરવો નહીં અન્યથા તે તમામ વ્યવહારો રદબાતલ ગણાશે. તદ્ઉપરાંત આવો કોઈ વ્યવહાર કરવામાં આવશે તો મારા અસીલ તેના પર સિવિલ અને ફોજદારી રાહે પગલા લેશે. જેની તમામ લાગતા વળગતાઓએ ખાસ નોંધ લેવી.

તા. ૨૦-૦૧-૨૦૨૫
સહી અવાચ્ય

યુસુફ એસ. કરૂડ
એડવોકેટ, જૂનાગઢ
તે અસીલની સૂચનાથી

પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

મિલ્ક પાર્લરનો કરાર

ટેન્ડર નંબર : DRM/COMML/02/2025 તારીખ : 19.01.2025 કામનું નામ : "સિંગલ પેકેટ સિસ્ટમ હેઠળ રાજકોટ ડિવિઝનના 'B' વર્ગ સ્ટેશન એટલે કે દ્વારકા સ્ટેશનના જનરલ માઈનોર યુનિટ (GMUs) ખાતે મિલ્ક પાર્લર માટે ટેન્ડર".

ક્ર. સં.	ટેન્ડર સૂચના નં.	કેટરિંગ સ્ટોલનું સ્થાન	માટે આરક્ષિત	આરક્ષિત કિંમત (પ્રતિ વર્ષ*)	અર્નેસ્ટ મની
1	C45/GMU/DWK/ PF NO.01	દ્વારકા સ્ટેશન પર ઓખા પ્લેટફોર્મ નંબર 01 છેડો, કેટરિંગ સ્ટોલ પાસે	જનરલ	Rs.1,01,581	Rs.10,600

ઉપરોક્ત તમામ ટેન્ડર માટે ટેન્ડર ફોર્મ ફી : Rs.5900 *લાઇસન્સ ફી પ્રથમ ત્રણ વર્ષ માટે નક્કી કરવામાં આવશે અને ચોથા વર્ષમાં તેમાં 10% વધારો કરવામાં આવશે. ચોથા અને પાંચમા વર્ષ માટે લાઇસન્સ ફી એ જ રહેશે. શરૂ થવાની તારીખ : ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ)-રાજકોટ દ્વારા સૂચવ્યા મુજબ. ટેન્ડર બંધ કરવાની તારીખ અને સમય : 27.02.2025 ના રોજ ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે 10:00 કલાક થી 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 27.02.2025 ના રોજ 15:30 કલાકે ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે. કરારનો સમયગાળો : ફક્ત 05 વર્ષના સમયગાળા માટે. વધુ વિસ્તરણ / નવીકરણ નહીં. ટેન્ડરની માન્યતા : 90 દિવસ. વિગતો જ્યાંથી ઉપલબ્ધ થશે તે કાર્યાલયનું સરનામું : સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001. બધા કાર્યકારી દિવસો દરમિયાન સવારે 10:00 થી સાંજે 17:00 વાગ્યા સુધી વેબસાઇટ સરનામું : www.wr.indianrailways.gov.in 155

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

ચા અને રિફ્રેશમેન્ટ સ્ટોલનો કરાર

ટેન્ડર નંબર : DRM/COMML/01/2025 તારીખ : 19.01.2025 કામનું નામ : "બે પેકેટ સિસ્ટમ હેઠળ રાજકોટ ડિવિઝનના 'A અને B વર્ગ સ્ટેશન એટલે કે જામનગર અને સુરેન્દ્રનગર સ્ટેશનોના જનરલ માઈનોર યુનિટ્સ ખાતે ટી અને રિફ્રેશમેન્ટ સ્ટોલ (નોન-પ્રાઇમ લોકેશન) ના કરાર માટે ટેન્ડર".

ક્ર. સં.	ટેન્ડર સૂચના સંખ્યા	કેટરિંગ સ્ટોલનું સ્થાન	માટે આરક્ષિત	આરક્ષિત કિંમત (પ્રતિ વર્ષ*)	અર્નેસ્ટ મની
1	C45/GMU/SUNR /PF-01-04/02	સુરેન્દ્રનગર સ્ટેશન પર પીએફ નં. ૦૧ થી ૦૪ ના પિલર નં. ૧૮ અને ૧૯ વચ્ચે	જનરલ (મહિલા)	Rs.4,52,980	Rs.47,200
2	C45/GMU/SUNR /PF-01-04/03	સુરેન્દ્રનગર સ્ટેશન પર પીએફ નં. ૦૧ થી ૦૪ ના પિલર નં. ૦૯ અને ૧૦ વચ્ચે	જનરલ	Rs.4,97,200	Rs.51,800
3	C45/GMU/JAM/ PF No.02-03/02	જામનગર સ્ટેશન પર પીએફ નં. ૦૨ થી ૦૩ ના પિલર નં. ૦૭ અને ૦૮ વચ્ચે	જનરલ (મહિલા)	Rs.1,50,000	Rs.15,600

ઉપરોક્ત તમામ ટેન્ડર માટે ટેન્ડર ફોર્મ ફી : Rs.5900. *લાઇસન્સ ફી પ્રથમ ત્રણ વર્ષ માટે નક્કી કરવામાં આવશે અને ચોથા વર્ષમાં તેમાં 10% વધારો કરવામાં આવશે. ચોથા અને પાંચમા વર્ષ માટે લાઇસન્સ ફી એ જ રહેશે. શરૂ થવાની તારીખ : ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ)-રાજકોટ દ્વારા સૂચવ્યા મુજબ. ટેન્ડર બંધ કરવાની તારીખ અને સમય : 27.02.2025 ના રોજ 15:00 કલાકે ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 27.02.2025 ના રોજ 15:30 કલાકે ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે. કરારનો સમયગાળો : ફક્ત 05 વર્ષના સમયગાળા માટે. વધુ વિસ્તરણ / નવીકરણ નહીં. ટેન્ડરની માન્યતા : 180 દિવસ. વિગતો જ્યાંથી ઉપલબ્ધ થશે તે કાર્યાલયનું સરનામું : સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001. બધા કાર્યકારી દિવસો દરમિયાન સવારે 10:00 થી સાંજે 17:00 વાગ્યા સુધી વેબસાઇટ સરનામું : www.wr.indianrailways.gov.in 154

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

ભવનાથ ખાતે યોજાતા શિવરાત્રી મેળાને એક માસ બાકી : 'મીનીકુંભ મેળા' તરીકે ઉજવાશે ?

દર પાંચ વર્ષે શિવરાત્રી મેળાને મીનીકુંભ તરીકે ઉજવવાની વાત વિસરાઈ ગઈ ?

ફાઈલ ચિત્ર

જૂનાગઢ તા.૨૧

ઉત્તરપ્રદેશનાં પ્રયાગરાજ ખાતે મહાકુંભનો મેળો ભારે ઉત્સાહભેર અને ભકિતભાવ પૂર્વક ઉજવાઈ રહયો છે. આ મેળો ધીમે ધીમે અંતિમ ચરણમાં પ્રવેશી રહયો છે ત્યારે બીજી તરફ મહાકુંભનાં મેળા જેવો જ જૂનાગઢ નજીક આવેલા ભવનાથ ખાતે દર વર્ષે યોજાનાર શિવરાત્રીનો મેળો આગામી ૨૨ ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન યોજાશે ત્યારે આ વર્ષે શિવરાત્રીનો મેળો મીનીકુંભ મેળા તરીકે યોજાશે ખરો ? તેવી ચર્ચાઓ હાલ ઉઠવા પામી છે.

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તિર્થ ક્ષેત્રમાં ભવનાથ મહાદેવનાં સાંનિધ્યમાં દર વર્ષે શિવરાત્રીનો મહામેળો પાંચ દિવસ માટે યોજાતો હોય છે. સરકારી તંત્ર, સંતો, સેવાકીય મંડળો, ઉતારા મંડળ અને સેવાનું ભાથુ બાંધવા આવનારા સેવાભાવીઓ અને સ્થાનિક તંત્ર, જીલ્લા વહીવટી તંત્ર વગેરેનાં સહયોગ સાથે શિવરાત્રીનો મેળો યોજવામાં આવે છે. ઘણા લાંબા સમયથી શિવરાત્રીનાં આ મેળાને મીનીકુંભનો દરજજો આપવો અને તે રીતે શિવરાત્રી મેળાની ઉજવણી માટેની લાગણી પ્રવર્તી હતી. જયારે તત્કાલીન ગુજરાતનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકાર વખતે શિવરાત્રીનાં મેળાને મીનીકુંભ મેળાનો દરજજો આપવામાં આવ્યો હતો. અને આજથી પાંચ વર્ષ પહેલાં શિવરાત્રીનો મેળો મીનીકુંભનાં મેળા તરીકે ભવનાથ તળેટી ખાતે યોજાયો હતો. સરકાર દ્વારા ભારે મોટી ગ્રાન્ટ પણ જે તે વખતે ફાળવવામાં આવી હતી. પાંચ વર્ષ પહેલા યોજાયેલા શિવરાત્રીનાં મીનીકુંભ મેળા વખતે એવું પણ નકકી કરવામાં આવ્યું હતું કે દર પાંચ વર્ષે શિવરાત્રીનો મેળો મીનીકુંભનાં મેળા તરીકે ઉજવવો એવી વાત જે તે વખતે કરવામાં આવી હતી. શિવરાત્રીનાં મેળાને મીનીકુંભનાં મેળા તરીકે ઉજવણી ચાલી રહી હતી. અને આ મીનીકુંભ શિવરાત્રીનો મેળો સંપન્ન થયા બાદ ઘણી ઘણી બાબતો વિવાદાસ્પદ બની હતી. પૈસાનો આડેધડ ધુમાડો કરવામાં આવ્યો હોવાની પણ વ્યાપક ફરીયાદો ઉઠી હતી. એટલું જ નહી જે તે સમયે આરટીઆઈ પણ કરવામાં આવી હતી. અને ભારે મોટી વિવાદીત બાબતો રોજબરોજ ઉઠવા પામી હતી. એક તકે તો જે તે વખતે ભવનાથ ખાતે શિવરાત્રીનો મેળો મીનીકુંભ મેળા તરીકે ઉજવાઈ રહયો હતો ત્યારે આ મેળામાં હાજરી આપવા માટે તત્કાલીન મુખ્યમંત્રી ઉપસ્થિત રહેનાર હતાં પરંતુ અચાનક તેઓએ પોતાનો કાર્યક્રમ રદ કરવાની ફરજ પડી હતી તેવું પણ ચર્ચાઈ રહયું છે. દરમ્યાન શિવરાત્રીનાં મીનીકુંભ તરીકે યોજાયેલા મેળાને પાંચ વર્ષ જેવો સમય થઈ ગયો છે. અને આગામી દિવસોમાં એટલે કે ૨૨ ફેબ્રુઆરીનાં રોજ બરાબર એક માસ પછી શિવરાત્રીનો મેળો ભવનાથ તળેટી ખાતે શરૂ થનાર છે. એક માસ જેવો સમય છે અને આ વખતનો આ શિવરાત્રીનો મેળો મીનીકુંભનાં મેળા તરીકે યોજાઈ તેવી લાગણી અને માંગણી પણ ભાવિકોમાં પ્રવર્તી રહી છે. તો બીજી તરફ એક સમય હતો કે શિવરાત્રીનો મેળો મીનીકુંભ મેળા તરીકે સરકાર તેનો દરજજો આપે અને એ રીતે શિવરાત્રીનો મેળો યોજાઈ તેવી સોરઠનાં સંતો, આગેવાનો અને જાગૃતોની લાગણી અને માંગણી હતી. સરકારે જયારે તેની જાહેરાત કરી હતી અને શિવરાત્રીનાં મેળાને મીનીકુંભનાં મેળા સમાન દરજજો આપી દીધો હતો. અને તેને લઈને જૂનાગઢ અને સોરઠ પંથકમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ હતી. એક જ વાર મીનીકુંભનાં મેળા તરીકે શિવરાત્રીનો મેળો યોજાયો છે. અને હવે પાંચ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે સ્થાનિક તંત્ર, સરકાર અને વહીવટી તંત્ર પાસે પણ સમય છે કે આગામી શિવરાત્રી મેળો શરૂ થવાને એક માસનો સમય છે ત્યારે ફરી એકવાર લોકોમાં અને ભાવિકોમાં એવી ચર્ચા ઉઠવા પામી છે કે શું આ વખતે શિવરાત્રીનો મેળો મીનીકુંભનાં મેળાની રીતે યોજાશે ખરો ? આ ઉપરાંત તત્કાલીન સરકારે જે તે વખતે એવું નકકી થયું હતું કે દર પાંચ વર્ષે શિવરાત્રીનાં મેળાને મીનીકુંભનાં મેળા તરીકે ઉજવવો તે બાબત શું વિસરાઈ ગઈ છે ? તેવો સવાલ પણ આજે ઉઠવા પામ્યો છે.

વંથલી પંથકની સગીરા ઉપર જૂનાગઢના શખ્સો દુષ્કર્મ આચર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જીલ્લાના વંથલી પંથકની સગીરા પર જૂનાગઢના શખ્સે ફરવા લઈ જઈ દુષ્કર્મ આચરી તેના ભાઈને ધમકી દીધી હોવાની ફરિયાદ થતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગેની પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદ અનુસાર જૂનાગઢના દોલતપરાના કિરીટનગરમાં રહેતો સાહિલ ગુલા રાઠોડ સાથે વંથલી વિસ્તારની સગીરા વર્ષ ૨૦૨૨ના જૂન મહિનામાં પરિચયમાં આવી હતી. લગ્ન કરવાનું વચન આપી શખ્સ જૂનાગઢના વિલીંગ્ડન ડેમ ખાતે ફરવા લઈ ગયો હતો અને અહીં બળજબરીથી શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યુ હતું. આ પછી સાહિલ રાઠોડ સગીરાને દોલતપરા ખાતે રહેતો મિત્રના ઘરે લઈ જઈને ત્યાં પણ શારીરિક અત્યાચાર ગુજાર્યો હતો. બાદમાં શખ્સ રાજકોટ ખાતેની હોટલમાં લઈ જઈને ત્યાં પણ ૩ વખત હેવાનિયત આચરી હતી. ગત તા. ૧૮ જાન્યુઆરી દરમિયાનની આ ઘટનાની સાથે સગીરાના ભાઈને ધમકી આપી હતી. આ અંગે રવિવારની સાંજે સગીરાએ ફરિયાદ નોંધાવતા વંથલી પોલીસે બીએનએસની જુદી જુદી કલમ અને પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી હતી.દરમ્યાન આ બનાવ અંગે ગુનો દાખલ થયા બાદ પોલીસ દ્વારા આરોપીને ઝડપી લેવા માટે ચક્રો ગતીમાન કરવામાં આવ્યા છે.

ગીરગઢડા પંથકમાં બે અને ઉના પંથકમાં એક દિપડાને પાંજરે પુરતુ વન વિભાગ



(પ્રતિનિધી દ્વારા)

ઊના તા.૨૧

ગીર ગઢડા તાલુકાના ફરેડા ગામની સીમમાં ચાર દિવસ પહેલા એક વૃદ્ધ મહિલાને ફાડી નાખીને તેમજ ગઈકાલે વહેલી સવારે ગીરગઢડા તાલુકાના કોદીયા ગામને છેડે વાડીમા મકાન બાંધી રહેતા વાઘેલા પરિવારના વૃદ્ધ વાલા ભાઈ સાર્દુલ વાઘેલા ઉપર હુમલો કરી મોત નિપજાવી નાખેલ બાજુની વાડીમા ખાટલા મા સૂતેલ બટુકભાઈ ભીમાભાઈ બારીયા વૃદ્ધ ઉપર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી દીપડો નાસી ગયો હતો. જેને પકડવા ગીર વન વિભાગ જશાધાર રેન્જના અધિકારીઓ અને કર્મચારીઓએ જુદી જુદી જગ્યાએ પાંજરા ગોઠવી દેવામાં આવેલ હતા જેમાં ફરેડાની સીમમાં પાંચ દિવસ પહેલા દિવાળીબેન માવજીભાઈ જોગદિયા ઊં.વ.૭૦ ઉપર હુમલો કરી મોત નિપજાવી નાખેલ ફરેડા ગામની સીમ પણ પાંજરૂ ગોઠવેલ આ પાંજરામાં દીપડો આવી ગયો હતો તેમજ કોદીયા અને દ્રોણ ગામની સીમમાં ગોઠવેલ પાંજરામાં પણ રાત્રિના દીપડો પાંજરામાં આવી ગયો હતો.

તેમજ ઊના ગીર ગઢડા રોડ ઉપર એક જીનીગ મિલ પાસે પણ પાંજરૂ ગોઠવેલ હતું તેમાં પણ એક દીપડો મારણની લાલચમાં પુરાઈ ગયો હતો. ત્રણેને હાલ ગીર જશાધાર ખાતે આવેલ વન વિભાગની કચેરી પાછળ આવેલ એનિમલ કેર સેન્ટરમાં લઈ જવામાં આવ્યા છે. જયાં તેમનું પરીક્ષણ કરી જે માનવ ભક્ષી દીપડા હશે તેમને આજીવન પાંજરે પુરી રાખવામાં આવશે આમ ત્રણ દીપડા પકડાઈ જતા લોકો મા રાહત ફેલાઈ છે.

વેરાવળ બાયપાસ ઉપર કારે બાઈકને ટક્કર મારતા નિવૃત્ત આર્મીમેનનું ઘટના સ્થળે મોત

કાર ચાલક સામે પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૧

વેરાવળ બાયપાસ પર નમસ્તે હોટલ નજીક ગઈકાલે સવારે પોણા નવ વાગ્યે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હેમા **GJ 32 AA 2497** નંબરની મોટરકારે એક બાઈકને હડફેટે લેતાં બાઈક સવાર નિવૃત્ત આર્મીમેન સામતભાઈ ગોવિંદભાઈ છાત્રોડીયા (રહે. ભેટાળી)નું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ.

આ અકસ્માત અંગે મૃતક સામતભાઈના ભાઈ નરેન્દ્રભાઈ છાત્રોડિયાએ કાર ચાલક જગમાલ નારણ સોલંકી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે અકસ્માતને લઈ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક સવારને ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનામાં મૃત્યુ પામેલ યુવક દેશની સેવા કરી ચૂકેલા નિવૃત્ત સૈનિક હોવાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. અકસ્માતમાં કારની આગળના ભાગનો અને બાઈકનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો.

સરકારી ભરતી માટે
CCC
કોમ્પ્યુટર કોર્ષ
મિલેનીયમ
કોમ્પ્યુટર સેન્ટર
સરદારપરા, જોષીપરા
મો. ૯૩૨૭૧ ૬૧૨૦૨

મજેવડી દરવાજા હુમલા પ્રકરણમાં દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢના મજેવડી દરવાજા નજીક થયેલા હુમલા પ્રકરણમાં સંડોવાયેલા એક આરોપી કે જે છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો હતો આ આરોપીને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયાની સુચના તેમજ જુનાગઢ ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક ભગીરથસિહ જાડેજા તથા જુનાગઢ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના સિધા માર્ગદર્શન હેઠળ જીલ્લામા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુ સારૂ પો.સ્ટે વિસ્તારના ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીઓ તેમજ જેલ ફરારી કેદીઓને શોધી કાઢવા ખાસ જીલ્લા પોલીસ તંત્રને સદરહુ કામગીરી અસરકારક કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે પીઆઈ બી.બી.કોળી નાઓની સુચના મુજબ ગુના નિવારણ સ્કવોડના પીએસઆઈ વાય.એન.સોલંકી તથા ગુના નિવારણ ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન પીએસઆઈ વાય.એન.સોલંકી તથા પો.કોન્સ જયેશભાઈ પ્રતાપભાઈ કરમટા તથા પો.કોન્સ વિક્રમભાઈ નારણભાઈ છેલાણત્નાઓને સંયુકતમાં બાતમી મળેલ કે જુનાગઢ એ ડિવીઝન પોલીસ સ્ટેશને નોંધાયેલ મજેવડી દરવાજા પોલીસ ઉપર હુમલાના પ્રકરણમાં નાસતો ફરતો આરોપી શાકીર ઉર્ફે સાહીલ સેતા રહે-જુનાગઢ સંજયનગર વાળો દાતાર રોડ સ્વામી વિવેકાનંદના પુતળા પાસે આટાફેરા મારે છે. જેથી તુરંત જ હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઉપરોકત ઈસમ મળી આવેલ હોય જેનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ શાકીર ઉર્ફે સાહીલ જુસબભાઈ સેતા જાતે-ગામેતી ઉ.વ.-૨૬ ધંધો-મજુરી રહે-જુનાગઢ સંજયનગર ગાંધીગ્રામ દરગાહ પાસે હાલ રહે-જુનાગઢ દોલતપરાવાળો હોવાનું જણાવતો હોય અને ઉપરોકત ગુનાનો એકરાર કરતો હોય જેથી તેને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. પીઆઈ બી.બી.કોળી, પીએસઆઈ વાય.એન.સોલંકી તથા એ ડીવીઝન પોલીસ સ્ટેશનની ગુના નિવારણ ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

કેશોદના કરેણી ગામેથી નકલી ડોકટર ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

કેશોદ તાલુકાના કરેણી ગામેથી ડીગ્રી વગર પ્રેકટીસ કરતા નકલી ડોકટર રૂા. ૨૫૦૯૦ના મુદ્દામાલ સાથે ઝડપાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે અજાબ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડો.અમીત ધીરજલાલ વણપરીયાએ ફરીયાદી બની આરોપી તરીકે રાકેશ ભગવાનજીભાઈ હીંગરાજીયા (ઉ.વ.૩૮) રહે.આંબાવાડી રાજધાની હોટલ ઉપર બ્લોક નં.૩૦૪, કેશોદવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાની પાસે કોઈપણ ડીગ્રી ન હોવા છતા દર્દીઓને પોતાની ઓળખ ડોકટર તરીકે આપી ખોટા નામની ઠગાઈ કરી બીજાની જીંદગી અથવા શારીરિક સલામતીને જોખમમાં મુકે તેવું કૃત્ય કરી, દવાખાનું ચલાવતા જુદી જુદી કંપનીની દવાઓ તેમજ મેડીકલ પ્રેકટીસના સાધનો મળી કુલ રૂા.૨૫૦૯૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભેંસાણના છોડવડી ગામે ઉછીના પૈસાની ઉઘરાણી કરી કુહાડી વડે હુમલો : પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

ભેંસાણના છોડવડી ગામે ઉછીના આપેલ પૈસાની ઉઘરાણી કરી કુહાડી વડે હુમલો કર્યાની ફરીયાદ ભેસાણ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભેંસાણ પોલીસ મથકે વિજય હરસુખભાઈ ગોંડલીયાએ અરૂણભાઈ હંસરાજભાઈ ઠુંમર વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ અગાઉ આરોપી પાસેથી બે હજાર રૂપિયા ઉછીના લીધેલા હોય જે રૂપિયા આરોપીએ માંગતા ફરીયાદી પાસે રૂપિયા ન હોય અને પછી આપી દેશે તેવું જણાવતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ડાબા હાથના કાંડામાં એક કુહાડીનો ઘા મારી દઈ ફરીયાદીને ઈજાઓ પહોંચાડયા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંન્જ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨
જૂનાગઢ